THE

DINKARD.

THE ORIGINAL PAHLAVI TEXT; THE SAME TRANSLITERATED IN ZEND CHARACTERS; TRANSLATIONS OF THE TEXT IN THE GUJRATI AND ENGLISH LANGUAGES; A COMMENTARY AND A GLOSSARY OF SELECT TERMS

BY

PESHOTAN DASTUR BEHRAMJEE SANJANA.

VOL. VI.

PUBLISHED UNDER THE PATRONAGE

OF THE

SIR JAMSHEDJI JEEJEEBHAI TRANSLATION FUND.

Bombay:

PRINTED AT THE DUFTUR ASHKARA PRESS.

87 COWASJEE PATELL STREET, FORT.

IN THE YEAR 1260 OF YEJDAJARD, AND 1891 OF CHRIST.

દીનકર્દ કેતાબ,

તેહની

અસલ પેહલવી એબારત, જંદ અક્ષરે ઉચ્ચાર, ગુજરાતી તથા ઈંગરેજી તરજુમો, શરેહ, અને અગતજોગ પેહલવી શબ્દોની ફરહંગ સાથે.

બનાવનાર,

પેશોતન દસતુર બેહરામજી સંજાણા.

દફતર છઠું.

સર જમશેદજી જીજીભાઈ ટરાંસલેશન ફંડના આસરા હેઠલ

છપાવી પરગટ કરયું છે.

મુંબઈ,

દફતર આશકારા છાપાખાંનામાં છાપ્યું છે.

કોટ:—કાવસજી પટેલ સ્ટ્રીટ, નાં૦ ૮૭.

સને ૧૨૬૦ યજદજરદી.

ઇસ્વી સને ૧૮૯૩.

સાંકળથું.

સફે.

(૧૧૮) આદમીની અંદર ગેબી શકિતઓ યજદોની મદદથી ખોદાની તરફનું કાંમ કરનારી છે, તે વીશે ભલી દીનને લગતો ખોલાસો.

૧

ભલી દીનના ખોલાસા ઉપરથી જાણવું કે, પેદાએશને પેદા કરનાર (અશો અહુરમજ્દ) ને લગતા લાએક અસબાબને માટેનું કાંમ કરનારી ગેબી શક્તિઓ આદમીનાં બદનની અંદર છે. (જેઓમાં) આએ ચાર (શક્તિઓ) મુખ્ય છે. (જેવી કે) રવાંન—જાન—ફ્રોહર અને બુદ્ધી. રવાંન એ આત્મા છે, જે બદન ઉપર હકુમત ચલાવેછે. જેમ એક ઘરધણી ઘરનાં આદમીઓને તથા એક ઘોડેસવાર ઘોડાને ચલાવનાર તરીકે છે તેમ રવાંન બદનને ચલાવનારૂં છે. અને જાન તથા બુદ્ધી અને ફ્રોહર એ દરએક બીનોઇ શક્તિ તે (રવાંન) ને ગેબી ખબર આપનાર તરીકે છે. અને તેઓની અંદર રવાંન બલવાલું છે. જાન એ પ્રાણવાયું છે, જે ફ્રોહરની મદદથી (પોતાનાં કાંમની અંદર) ફાવી નીકલનાર છે. જેમ ખોરાકથી ઘરધણી (પોતાનાં કુટુંબને) તનદરૂસ્ત રાખનાર છે. અને ઘોડેસવાર ઘોડાને કાંમ કરતો રાખનાર છે, તેમ હુશીઆરી આપનારૂં (ફ્રોહર) હયાતીવાલાં બદનને હુશીઆરીની મારફતે હુશીઆરીવાલું રાખનાર છે. જે પરમાણે ઘરનો ઠાંમલો ભાગેછે અને તે ઘર એકદમ ટુટી પડેછે, તે પરમાણે આએ (હુશીઆરી આપનારૂં ફ્રોહર) બદનમાંથી જેઆરે જુદું પડેછે, તેઆરે બદન મૌતવાલું થાએછે. જેમ ઘરધણી ઘરને આરાસ્તગી ભરેલું અને આબાદીવાલું રાખનાર છે. તથા ઘોડેસવાર ઘોડાની પરવરશી કરનાર છે, તેમ ફ્રોહર બદનને પાલનાર તથા તેને જોસ્સાવાલું રાખનાર છે. જે પરમાણે એક ઘર જેઆરે તેને આરાસ્તગીથી પરત રાખેછે તેઆરે તે વેરાંણ થાએછે, તે પરમાણે આએ (ફ્રોહર) જેઆરે બદનમાંથી જુદું પડેછે તેઆરે (તે) બદન વગર જોરનું અને નકાંમુ થાએછે. જેમ ખોરશેદ દુનીઆંને રોશની આપનારોજછે અને ચેરાગ ઘરની અંદર રોશની આપનારોં છે, તેમ બુદ્ધી ઘરધણીને ઘરને લગતું જોવાની રોશની તથા ઘોડેસવારને ઘોડાને લગતું જોવાની રોશનીથી રોશન રાખનાર છે. અને ઘરધણીને ઘરની અંદર અને ઘોડેસવારને ઘોડાની ઉપર સંભાલ

૩ નારૂં છે. વલી ભલી દીનની સહમ્જ મેલવવાથી (માણસે) પોતાને પીછાં-ણવુંછે, તથા પોતાને પીછાંણવાથી (પોતાની તરફ) ચાહ રાખવોછે. અને પોતાને ચાહવાથી પોતાને વગર ઇજાએ રાખવુંછે. અને (પોતાને) વગર ઇજાએ રાખવાથી યજદાંને ખુશી કરવોછે. અને યજદાંને ખુશી રાખવાથી તે ખોદાએતાલાનો ઘણો સંબંધ મેલવનારો છે. અને ખોદાએતાલાની સાથે ઘણો અતલગનો સંબંધ હોવાને લીધે ખોદાએતાલા તેનો સંભાલ કરનાર થાએછે. અને ખોદાએતાલાની તરફનો સંભાલ કરવાથી માણસને આએ તથા આવતી બંધે દુનીઆંની ઓત્તમ નેકી મલેછે.

---

૧ (૧૧૦) જે (ચીજ તેની) આગેવાંનીની મારફતે આદમીની જાતને ફાએદો કરનારી છે, તથા જે (ચીજ) નોકસાંન કરનારી છે, તે વીશે, તથા તે ફાએદાકારક તથા નોકસાંનકારક (વસ્તુ) નું કામ, તથા કુશેશ કરનાર વીશે, તથા તેને લગતી ફાએદાકારક યા નોકસાંન-વાલી આગેવાની વીશે, ભલી દીનને લગતો ખોલાસો.

---

૨ જાંણવું કે, જે (ચીજ તેની) આગેવાંનીની મારફતે આદમીની ૩ જાતને ફાએદો કરનારી છે, તે અક્કલ છે. અને જે (ચીજ તેની) આગે-વાનીની મારફતે (આદમીને) નોકસાંન કરનારી છે, તે ઉલટો વીચાર છે. ૪ આદમીની અંદર આગેવાની કરનારી અક્કલ અને ઉલટો વીચાર (એ બે વસ્તુ) છે. અક્કલ સ્પેનામીનોની મારફતે, તેમજ બેહમન (યાને ભલા વીચારવાલી ગેબી શક્તિ) ની દોસ્તીથી મેલવી શકાયછે. અને ઉલટો વીચાર અધ્રમઇનીઉશ્નાના ફરેબથી તેમજ અકોમન (યાને બુરા વીચારવાલી ૫ ગેબી શક્તિ) ની દોસ્તીથી ઉત્પન થાયછે. અક્કલની ઇચ્છાની આગેવાનીથી આદમીઓને ફાએદો (તેઓના) સવાબકાર વીચાર—વચન અને કાંમને ૬ અને રવાંનને લગતી પવીતરાઇને સુધારવાનો છે; અને તેઓને ઉલટા વીચારવાલી ઇચ્છાની આગેવાનીથી નોકસાન—(તેઓના) વીચાર—વચન અને કાંમને પાપી બનાવવાનું તથા રવાંનને દોજખી કરવાનુંછે.

---

(૧૧૧) દીનને લગતા વખત અને બુરા વખત વીશે ભલી દીનને લગતો ખોલાસો.

૧

૨ જાંણવું કે, હદવાલો વખત (એટલે જે આએ દુનીઆને લગતો જમાનો) ફ્રશોકેરેત (યાને છેલ્લા સુધારાને લગતા) વખત સુધી દીનને લગતો, (આદમીનાં) દીલની અંદર અશોઇ અને દીનદારી ચાલુ રેહવાએછે; અને બુરે વખત, (આદમીનાં) દીલની અંદર જે કાંઇ બદકારીનો વધારો યાહુદીની દીનને લગતી જુઠાઇ અને અકદીનીને લગતો છે તે ચાલુ રેહવાથીછે. અને તે વખતમાં થોડી નેકી વગર સઘલું સંકટ અને દુઃખ છે.

(૧૧૨) આદમી પોતે શું છે? શાએ કરીછે? અને શાને સારૂં છે? અને તે કેહી જગોએથી આવેલુંછે? (હમણા) તે કીહાં મકાંનમાં છે? અને પાછું તે કાહાં જવાનું છે? અને સેવટે તેને શામાં પોંહચવુંછે? તે વીશે ભલી દીનને લગતો ખોલાસો.

૧

૨ જાંણવું કે, આદમી દાદારની પેદાએસની અંદર વીચારવાલું બનેલુંછે; અને મીનોઇ દુનીઆંને લગતી તથા આએ દુનીઆંને લગતી સઘલી બખશેશથી તે ફતેહ મેલવનારૂં તથા શક્તિવાન છે; અને પુરતાં બલવાલાં કાંમ કરવાએ તે (પોતે) આએ દુનીઆંની બીજી પેદાએસોને હમેશાં ચલાવવા સારૂં સરદાર તરીકે છે; અને તે દરએક પેદાએસની અંદરથી પુરતાં બલે કરી દરૂજને હાંકી કાહડનારૂંછે. (આદમીનું) રવાંન પોતે યજદોની મદદથી કેટલેક દરજજે પેદાના કરનારનો આભાર માનવાએ, તથા (પોતાથી) દરૂજને પુરતી રીતે દુર કરવાએ, તથા એક મરતબે આએ દુનીઆંની શક્તિવાલી જાતની અંદર સઘલા મીનો યજદોના સંબંધવાલું હોવાએ, (આએ દુનીઆંનાં) જુદાં મકાંન (યાને કાયા) છતાં યજદી ખવાસના વીચારથી પોતે મીનો તરીકે છે; અને તે ગેબી રવાંન શું ઘણો કે થોડો વખત આએ દુનીઆંની સઘલી શક્તિઓ છતાં દરૂજને પુરતી રીતે હાંકી કાહડવાએ પોતે યજદ તરીકે છે. આએ દુનીઆંની કાયાની અંદર યજદી

શક્તિઓનું રેહઠાંણ, પેવસ થાએલા દરૂજને નાબુદ કરવાની સખત લડાઇ કરવા સારૂં, અને તે લડાઇ દીનની દાંનાઇથી કરવાનાં કારણ સારૂં છે. આએ દુનીઆંની શક્તિવાલી કાયામાંથી રવાંનને પોતાને છુપું થવાથી અને આત્મા વગરનું તે શરીર બનવાથી આત્મા પોતે પાછો અસલ મીનોઇ મકાંનની તરફ જવાનો એરાદો કરેછે, અને તે આએ દુનીઆંની અંદરની કાયાને છોડીને પાછો કુદરતી દાંનાઇવાલાં અસલ મકાંનમાં ગુજર કરનારો થાએછે. જેણે (આએ દુનીઆંમાં) પોતાના દરૂજ હરીફને બનતી કુશેશથી લડાઈ કરીને મારી હટાડેલો હોએછે, તે દરૂજથી છુટકારો મેલવનારને

૩ (બેહેશતનું) અસલ મકાંન મેલવવુંછે. જે કોઇ ફાએદાવાલો સખશ તેના હરીફને સારી રીતે જોઇ શકેછે અને તેની ઉપર ફાવવાને શક્તિવાન થાએછે, અને તેની અંદર આમેજ થાએલા દરૂજના દુરગુણોને પોતાની અંદરથી પુરતી રીતે હાંકી કાહડીને પાછા ફેરવેછે, તેનો સબબ પોતાના પેદા

૪ કરનારનો આભાર હમેસાં માનવાએછે. ભલી દીનની અંદર જણાવેલુંછે કે ફ્રશોકેરેતના વખતમાં સઘલાં આદમીઓ આએ દુનીઆંની કાયા (તેઓના) પેદા કરનારની મરજી મુજબની મેલવશે. અને તેઓની જાત ફરીને ખાલેસ બનવાથી દરએક જણને પુરતી રોશનીથી હમેસાં સુધરેલું રેહવુંછે.

---

૧ (૨૨૩) લાએક સરદાર થવા વીશે ભલી દીનને લગતો ખોલાસો.

૨ જાંણવું કે, દરએક (માણસ) ને લાએક સરદાર તરીકે બનવું, તેને

૩ લગતું કામ કરવાની લાએક શક્તિ (તેમાં હોવા) ને લીધેછે. (જેમાં) એક સારા ગુણવાલી સમજ, અને (બીજી) સંપુરણ રીતે કાંમ કરવાની ઓત્તમ અક્કલ છે. અને એ બે (વસ્તુ) સાથે સારા ખવાસની મજબુતી તથા

૪ કાંમને લાએકની દાંનાઇ છે. અથોરનાંનને માટે પસંદ કરવાજોગ હકુમત ઉપર જણાવેલી ચહડતે દરજેનું કાંમ કરવાની મુખ્ય તરણ શક્તિઓ સાથે તેને લગતી (બીજી) પાંચ પદવી (યાને શક્તિ) થી છે. (પેહલ્લુ) દીનદારીને સારૂં બોહલી સહમજ; (બીજુ) ફતવો આપવા સારૂં બોહલો વીચાર; (તરીજું) ઇનસાફ કરવા સારૂં દીનની કેલવણી; (ચોથું) મોહટી ઉમ્મર, અને (પાંચમું) કાંમની અજમાએસ. આએ

૫ આઠ વસ્તુઓથી અથોરનાંન માનવન્તો રેહછે.—વાસ્તરીયુશને માટે

પસંદ કરવાજોગ સરદારી ઉપર જણાવેલી આઠ ચીજ ઉપરાંત બે વધારાની વસ્તુઓ છે: એક ખાધખોરાકીનો વધારો કરવો તથા (બીજું) દોલતથી સખાવત કરવી. એ સાથે (વાસ્તરીયોશમાં) દસ ગુણ છે.—રથેશતારની પસંદ કરવાજોગ સરદારીને સારૂ ઉપર જણાવેલી આઠ ચીજ ઉપરાંત (બીજી) તરણ વસ્તુઓ છે: (એક) બોહલી હુશીઆરી સાથે કદાવરી, (બીજું) બેહદ શક્તિ, અને (તરીજું) હીમતવાંન દેલ. એ તરણ ઉમેરવાથી (અર્થેસ્તારની) અગીઆર (શક્તિઓ) થાએછે. ૬

(૧૧૯) (માણસે) આએ દુનીઆંમાં તેના ગુનાહની સજા થવા વીશે, અને સવાબનો બદલો મલવા માટે અહુરમજદનો ઊપકાર માનવા વીશે, ભલી દીનને લગતો ખોલાસો. ૧

જાંણવું કે, આદમીનાં અન્તકરણની અંદર તેનું રખશણ કરનારી જાતી અક્કલ તથા સવાબના શોકને મારેની નજર અને ઇચ્છાને પોંહચવાથી, આદમીને સવાબનો બદલો મલવાનાં કારણને સારૂં તેણે અહુરમજદનો ઉપકાર માનવો ઘટારત છે. જેની વીચાર—વચન અને કાંમને લગતી શક્તિઓ સવાબને ચાલુ રાખનારી ઇચ્છાનાં હોકમ મુજબ ચાલનારી છે, તે (આદમી) ગેબી સારી સહુમજ મેલવનારૂં છે. આદમીની અંદર ગેબી સારી સહુમજ મેલવનારૂં જાતી અક્કલનું અન્તકરણ છે તે ગેબી ખબર મેલવનારૂં તથા તે મેલવેલી સહુમજ (બીજાઓને) આપનારૂં છે. ૨ ગેબી સહુમજ મેલવનારી ઇચ્છાવાલું આદમી ફ્રશકેરેતના વખતની આબાદીને લગતાં કાંમનો શોક કેમ રાખવો તથા સવાબને લગતી સહુમજ—વચન અને કાંમ કેવી રીતનાં છે, તે ગેબી સહુમજથી જોઇને અહુરમજદની તરફથી બીજાઓને જાહેર કરનાર છે. એટલા સારૂં સવાબકાર નેક બદલાના ઉમેદવારોએ તે સવાબનો બદલો આપનાર (અશો અહુરમજદ) ની હજુરમાં તેને લગતું અહેસાંન માનૈવું જોઇએછે. ૩ વલી તે (માણસ) ને (આએ દુનીઆંમાં) વગર ગુનાહે રેહવું (તેના) ગુનાહને લગતી સજા થવાએછે. તેથી જે કોઇ (આદમી) બુરાઇને સારૂં પોતાનાં અન્તકરણની અંદર પજદોના વીચારને લગતો રસ્તો બંધ કરનાર છે, ૪

અને ગુનાહને હયાતી આપનારૂં છે. તે (આદમી) ઉલટા વીચારની મારફતે સવાબને લગતી નેકીથી જાતી અક્કલને હાંણી પોંહચાડનારૂં છે. અને તે સવાબને ગુનાહ તરીકે અને ગુનાહને સવાબ તરીકે ગણનારૂં છે.
૫ તેથી જેઓ પોતાની ઇચ્છાને સવાબના એરાદાથી અટકાવનારા અને ગુનાહનાં એરાદા તરફ વધારે ચલાવનારા છે, તેઓ દેવના સંબંધથી (પોતાના) વીચાર—વચન અને કાંમને ગુનાહ કરવા સારૂં રાખનારા છે. અને સવાબ કરવાથી અટકાવનારા છે. આત્માવાલી કાયાવાલાઓને (યાને આદમીઓને મીનોઇ જેહાંનમાં) ઇજાવાલાં મકાંનનો બુરો બદલો છે. અને
૬ ત્યાં સવાબના તરીકાવાલાં આદમીને નોકસાંન નથી. ત્યારે માણસ પોતાને ગુનાહથી ચલાવવાએ તથા બુરૂ બનવાએ અને આદમીઓને ઠગવાએ દોજખથી છુટકારો આપનારૂં કેમ હોએ? તેમજ એક બેગુનાહ માણસને
૭ ગુનાહની સજા કેમ થાએ? જે ધરમગુરૂઓ (દેવોથી) બુરી ચેતવણી મેલવનારા અને ગુનાહના ઉવટા તરીકાના વસીલા છે અને સવાબના તરીકાની સારી સહમજ મેલવનારા નથી, તેઓથી આદમીની અંદર ખરાબી કરવીછે. અને તેઓના મતલબી મજહબથી લોકોની ખરાબી થાએછે. (કારણ કે) તેઓનો મજહબ સવાબનો અટકાવ કરનારો અને ગુનાહને ચાલુ રાખનારો, સવાબની દુશ્મનીવાલો અને ગુનાહની દોસ્તીવાલો છે. તેની અંદર બદીનાં વધારોછે અને નીતી નથી. જે (મજહબને) લીધે આદમીને ગુનાહની સજા ભોગવનાર થવુંછે. અને તેને લગતાં આદમીઓ ગુનાહ કરનારાં કેહવાએછે.

૧ (૧૧૦) આદમીની અંદર દીનનું રેહઠાંણ તથા તેની અંદર અંધકારની દીનનું પોંહચવું અને તે દીનને એખતીઆર કરનારની જાત દીનના કમરબંધથી વગર ઈજાવાલી છે તે વીશે ભલી દીનને લગતો ખોલાસો.

૨ જાંણવું કે, જેનાં બદનની અંદર દીનનું રેહઠાંણ છે તે ભલી દીનના સંબંધવાલો છે. અને તેને લીધે તે (ભલી દીનવાલું આદમી) એક ઘણીજ સુંદર કાયાવાલી કનીઆની માફકનું ખુબસુરત તથા આંખની મારફતે

ઘણીજ પસંદ કરવાજોગ ઓરતના જેવુંછે. તે (દીન) ને લીધે તે (ભલી દીનવાલો) જેમ અહુરમજદની ખલકની ઉપર ખોરશેદ સારી નજરે જોનાર છે, તેમ નેક નજરે જોવાવાલો છે. જેમ એક સારી મેહરબાંનગી ભરેલો બાપ પોતાના છોકરાની તરફ સારી નજર રાખનારછે અને દુરથી તેના દીદાર જોવાથી ખુંશ થનાર છે, તેમ તે અહુરમજદની પેદાએશ ઉપર સારી નજર રાખનારછે. એજ પરમાંણે તે (ભલી દીનવાલું આદમી) જે વસ્તુ તેની નજરે પડેછે, તેની પોતાનાં ફરજંદની માફક બરદાશત કરેછે. અને જેમ (એક માંણસ) ખુબીવન્તું પાંણી પીવાથી કઉઅત મેલવનારૂં છે, તેમ તે (આદમી) તેનાં દીનને લગતાં સમરંણ—સહમજ—સંભલાંણ અને આરાધણાથી પોતાને દીનને લગતો પ્રકાશ આપનારૂં છે. તેની ઇચ્છા ૩ દીનનો સંબંધ રાખવાની આએ કારણસરછે કે, તેથી તેની જાત સુખ ભરેલી જીનદગી ગુજારે. જેમ બે સારા દીનદાર દોસ્તો એક જગોએ સાથે મલીનેં એક બીજાને પુછપરછ કરેછે, તેમ આતમાની પુછપરછ દીનની સાથે છે. જેમ એક કાબેલ ઉસ્તાદ તેનો ખોલાસો સમજનારા શાગેરદને સારૂં છે, ૪ તેમ દીન તે દીનદાર માંણસને ખોલાસો બતલાવનારી છે. આદમી ૫ જેમ દીનનું ઘણુંજ તાબેદાર તથા ફરમાંનબરદાર રેહછે, તેમ તેની ઉપર તેની દીન ચહડતે દરજેનું માલેકપણું ભોગવેછે. દીનની અંદર તે ૬ આદમી જરથુશત્રોતુમ જે દીનનું બદનછે, તેની ઉમત તરીકે કેહવાયછે. તે (જરથુશત્રોતુમ) નું ઇમાંન તે દીનનું ઇમાંન છે—ઇચ્છા તે દીનની ૭ ઇચ્છા અને કાંમ તે દીનનું કામ છે. જેનાં બદનની અંદર દીનનું ૮ રેહઠાંણ છે, તે દીનને લગતો ખવાસ ધરાવનાર અને વીચારની મારફતે દીનને ચાહનાર છે; અને તેથી (તેનાં) બદનની અંદર દરૂજનું (યાને અંગ્રમઇનીઉશના દુરગુણોનું) જોર રેહતું નથી. તે દીનના વીચારવાલું ૯ આદમી બીજી લાએક વસ્તુઓની માફક ઘણા ખુબસુરત દેખાવનું હોએછે. જે કોઇ તેને સારી નજરથી જોનારો છે, તે ગોયા તેનાથી ઘણો ૧૦ ખુશ થાએછે; અને એક માએથી જણમેલા ભાઇની માફક તેની ઉપર ઘણો ચાહ રાખનાર છે. (માંણસ) દીનથી જોઇતી દાંનાઇ મેલવનારૂં તથા ૧૧ સમજ ધરાવનારૂં છે. દીનનું સ્મરણ કરંનારૂં—દીનની સમજ આપનારૂં ૧૨ અને દીનની આરાધના કરનારૂં આદમી (તેને લગતી) મેહનતથી સારો બદલો મેલવનારૂં છે. જેમ ફાએદાવાલો (સોશ્યોસ) આએ દુનીઆંનાં ૧૩ લોકોને દીનને લગતું ગન્યાણ આપનારછે, તેવી ઇચ્છા દીનનો સંબંધ

ધરાવનાર (આદમી) ની છે. અને તે ઉપરથી આએ દીનદાર માંણુસનાં તે કાંમને લગતી મીસલ એક ઘરધણીનાં ઘરની અંદર એક સખુરીવન્તો મેહ્માંન ખરાબ લેજતવાલા ખોરાકની ઉપર રાજી રેહ, તે પ્રમાંણેની છે. (એટલેજે તે દીનદાર માણસને અશો અહુરમજદની પેદા કરેલી આએ દુનીઆંમાં સારાં કાંમ કરવા સારૂ મેહનત ખેંચવા સાથે લોકોની તરફની
૧૪ ઈજા અને સખતી ખેંચવી પડેછે.) એવાં (દીનદાર) આંદમીને દીનની
૧૫ અંદર અથોરનાંન કરી કેહછે. દીનદાર પુરૂષ પોતાની દીનથી સુધારેલી સારા ખવાસ—ઇચ્છા અને કાંમથી (લોકોમાં) તરેહ્વાર રીતે
૧૬ દીનનો ફેલાવો કરનાર છે. જે (ઇનસાંન) ની અંદર અંધકાર (અંગ્રમઇનીઉશ) ની દીન પોંહચેલી હોયછે, તે (આદમી) તેની અંદર દીનદાર (ધરમગુરૂ) ની તરફની, દરૂજ (યાને અંગ્રમઇનીઉશના બુરા ખવાસ) ની સાથે લડાઈ કરવાનો વીચાર આપવાની અને કેહવાની અસરથી, (તે બુરી દીનના) બદબખ્ત વીચારથી પાછો ફરીને (ભલી) દીનમાં આવેછે.
૧૭ જે (આદમી) ને દીનને માટેનું ગન્યાણ નહી મલેલું હોય, તો ખલકનાં દોસ્ત ધરમગુરૂએ તે ધરમનાં ગન્યાણ વગરનાને ખચીત કરીને દીનની દાનાઇની મારફતે ઇમાનદાર બનાવવો; (કારણ કે) તેનેં દીનની દોસ્તી દોલતનાં કરતાં કીમતી છે. અને તે (દીનને) લગતું સાંભલવાની તેની ઇચ્છા કરતાં, તેના બદનની અને દોલતની કીમત વધારે
૧૮ નથી. આએ તરેહનું આદમી દીનની અંદર યજદાંપરસ્તનાં નામ-
૧૯ વાલું છે. જેઓ (આએ દુનીઆંમાં) પોતાનેં ભલી દીનવાલા તરીકે ચલાવેછે, તેઓ કુસ્તી બાંધનારા મજહબવાલાનાં નાંમથી ઓલખાએછે,
૨૦ અનેં તે દીનવાલો કુસ્તીના બંદ બાંધેલો હોયછે. જે બુરી દીનવાલો હોય અને તે ભલી દીન ઉપર વીચાર રાખે (યાને ભલી દીન કબુલ કરવા માંગે તો) તેનો સારો ખવાસ તથા તેની નેક જાત ભલી દીનનાઓની માફક (ગુનાહ અને અપવીતરાઈથી) દુર રેહનારી થાયછે. અને તેને તે દીન મલવાથી પોતાને સારૂ ખોદાની સ્તુતી કરવાનો તથા ભલી
૨૧ દીનવાલાઓને ચાહવાનો વીચાર આવે છે. જે માણસની અંદર દીન છે તે વગર-ઇજાવાલું છે. અને દાદાર અહુરમજદની ખલક તરીકે તે તેની દીનથી છે. અને તે આદમી દીનનું તથા પેગમબરનું તાબેદાર તેની
૨૨ દીનનાં ફરમાંનને તાએબે રેહવાથીછે. દીનની અંદર દેવપરસ્તને નાંમેં તે

શખ્સો ઓલખાયછે કે જેઓ (આએ દુનીયાંમાં પોતાને) ખોદાને નહી માંનનારા આશમોગ તરીકે ચલાવેછે; અને આએ લોકો દેવની પરસ્તેશ કરનારા દોજખી મજહબવાલાને નાંમેં બોલાએછે.

—⊙⊙⊙⊙⊙—

(૨૧૫) જે (આદમી) થી દરએકજણને લાયક બનવુંછે, અને જે (આદમી) થી દરએકજણને નાલાયક બનવુંછે, તે વીશે ભલી દીનને લગતો ખોલાસો.

—⊙⊙⊙—

૧

જાંણવું કે, જે (આદમી) થી દરએકજણને લાયક બનવુંછે, તે (આદમી) દરએકજણને આબાદ હાલતમાં પોંહચાડવાને માંટેનું છે. અને તે દરએકજણને આબાદ હાલતમાં પોંહચાડનારૂં આદમી દાદારની તરફની દરએક વસ્તુને પસંદ કરનારૂં છે. જે કોઇ આદમી દાદારની દરએક વસ્તુને પસંદ કરનારૂં છે, તે એબને ઢાંકી નાંખનારૂં—સારા ગુનોની દાંનાઇવાલું—કુદરતી અક્કલવાલું અને દીનના બેહરાવાલું છે. અને જે કોઇ તેનાથી પોતાને ચહડતે દરજજેનું અને કુદરતી અક્કલથી કાંમ કરનારૂં બનાવવા માંગેછે, તેને ચહડતે દરજજે પોંહચાડનારી અને કુદરતી અક્કલનું કાંમ કરનારી ઇચ્છાની કેળવણી તે આપેછે. અને તેથી તે (આદમી) ગુનાહથી દુર રેહવાની અને સવાબ કરવાનો ઉલટ રાખ્યવાની કઉઅત મેલવનારૂં થાયછે. જેથી તે (આદમી) હરીફાઇ કરનારા દુશ્મન (અંગ્રમઇનીઉશ) થી છુટકારો મેલવેછે, અને લાંબી મુદતનાં શુખવાલાં (બેહસતનાં) મકાનમાં પોંહચેછે. જે (આદમી) થી દરએક માણસને ના લાયક બનવુંછે, તે (આદમી) દરએક ઇનસાંનને ઉજડ હાલતમાં લાવનારૂં છે. અને દરએક માણસને ઉજડ હાલતમાં લાવનારૂં માણસ, દાદારને લગતાં કોઇબી ઇનસાંનને ચાહનારૂં નથી. અને દાદારને લગતાં કોઇબી ઇનસાંનને નહી ચાહનારૂં આદમી, બુરા ગુણોવાલું—એબવન્તા વીચારનું—અને અન્ધકારના ઉલટા વીચારવાલું છે. અને તે (બીજાં) આદમીને બેકરારીવાલી—અને અન્ધકારના ઉલટા વીચારને લગતી ઇચ્છાને ઉતપન કરનારી બુરી કેલવણી આપનારૂં છે. અને જે કોઇ તેને પસંદ કરેછે, તેને તે અન્ધકારના ઉલટા વીચારની તરફ

(margin numbers: ૨, ૩, ૪, ૫)

ઉસકેરેછે. જેથી તે આદમી સવાબની ચોરી કરનારૂં, અને ગુનાહની ઉલટ રાખનારૂં અને (પોતાની) આતમાઇ સક્તિને ઘટાડનારૂં થાએછે, અને પોતાના આતમાની ઉપર (તેના) હરીફ દરૂજને ફતેહ મેલવનારો કરેછે—જે (દરૂજ) તે (આદમી) ને સખતી પોંહચાડનારાં દોજખમાં ઘસડી લેઇ જાનારો અને તેમાં નાખનારોછે. જે (આદમી) એબવન્તા (અંગ્રમઇનીઉશ) ને લાએકનું છે, તે આદમીની અક્કલને હાંણી પોંહચાડનારૂં—તેને સવાબથી શુસ્ત કરનારૂં—તેને ગુનાહનો ઉલટ આપનારૂં અને તેને વગર છુટકારાંવાલા બંદીખાનામાં કેદ કરનારૂંછે. જેઓનો ધરમ આદમીઓને અન્ધકારના ઉલટા વીચારના આપવાલાં બનાવવા સારૂં અપાએલોછે, તે (ધરમ) અન્ધકારનો ઉલટો વીચાર આદમીને આપવાએ, તેને ઉજડ હાલતવાલું બનાવનાર છે. અને પેલા એબ આપનાર (અંગ્રમઇનીઉશ) ને લાએકનું તેને બનાવવાથી (દુનીઆમાં) ગુનાહને ચાલું રાખનારછે. અને કુદરતી અક્કલને હાંણી પોંહચાડવાથી, સવાબનો અટકાવ કરનાર તથા આદમીને સારૂં ઇજાવાલાં અને તેને છુટકારા વગર રાખનારાં, તથા તેને સખ્તીથી લાચાર બનાવનારાં દોજખમાં બંદીવાંન કરનાર છે. જેથી તે ધરમ સ્પેનામીનોની નીશાંણ વગરનો અને ઘનાહમીનોની ઇધાણીવાલો કેહવાએછે.

(૧૧૫) ભલી દીન અને બુરી દીનને પ્રકાશ આપનારાં મુલો વીશે ભલી દીનને લગતો ખોલાસો.

જાંણવું કે, સંઘલી ભલાઇને પ્રકાશ આપનારો દાદાર ભલી દીનને જાહેર કરનારૂં મુલ છે, તેથી તે દીનમાં બદીનો રસ્તો નથી. જેમાં પેદાએશની શરૂઆતથી છેલ્લા સુધારાના વખત સુધીની પેદાએશને લગતી સઘલી નેકીનાં કાંમનું વરણન કરેલુંછે. તેથી આએ ભલી દીનને જાહેર કરનારાં મુલ (દાદાર)-ની તરફ ઓસ્તવાર રેહવું (માંણસે પોતાને) દીનના ખવાસથી સુધારવાએ છે, અને દીનને લગતા ખવાસથી શુધારવાએ (માંણસને) પ્રમાંણીકપણું છે. પ્રમાંણીકપણાંથી, નીતીની ઉતપન્તી છે. નીતીથી, હુમત—હુખ્ત અને હવરસ્ત છે. અને હુમત—હુખ્ત અને

હવરસ્તથી, આદમીને નેકી છે. આદમીની નેકીથી, યજદોને ખુશી અને કઉઅત મલેછે, અને દેવોને ગમ તથા હાંણી પોંહચેછે. અને યજદોને ખુશીની કઉઅત મલવાથી અને દેવોને ગમ અને હાંણી પોંહચવાથી મીનો અને ગેતીને (ઇઆને આત્માને અને બદનને) જેબ અને આરાસ્તગી છે. (દીનને લગતા) આત્માના સુધારાથી અને (તેથી) બદનને જીનતવાલું બનાવવાથી ખલક ફ્રશકેરેતીના (યાને છેલ્લા સુધારાના) સંબંધવાલી થાશે. અને ફ્રશકેરેતીનું બનવું ખલકનાં લોકોને દીનના સુધાશની મારફતે સવચ્છ અને નેક બનવાએછે.

બુરી દીનને જાહેર કરનારૂં મુલ બુરાઇને પ્રકાશ આપનારો (અંધ્રમઇનીઉશ) છે; જે (દીન) ની અંદર પેદાએશની શરૂઆતથી છેલ્લા સુધારાના વખત સુધીનાં ખલકને લગતી સઘલી હલાકીનાં કાંમ જણાવેલાંછે. વલી તેના અસલ જાહેર કરનારની ઠગાઇથી બનેલી બુરી દીને કરી (આદમીએ) સારા ખવાસને ખરાબ કરવોછે. અને સારા ખવાસને ખરાબ કરવાથી, (માણસે) અપ્રમાણીક અને એબવન્તું થવુંછે. અને (આદમીને) અપ્રમાણીક તથા એબવન્તું થવાથી, અનીતીવાલાં દુશમત—દુજીખ્ત અને દુજીવરસ્ત (ની ઉતપન્તી) છે. દુશમત—દુજીખ્ત અને દુજીવરસ્તથી માણસને હલાકી છે. માણસની હલાકીથી દેવોને ખુશી અને યજદોને દેલગીરી છે. અને દેવોની ખુશીથી અને યજદોની દેલગીરીથી દેવોનું ફાવવું—નીચ તથા ખરાબ વખતનું બનવું, અને દુનીઆંને હાંણી તથા નોકસાંન છે. ૩ ૪ ૫

મજદીઅસ્નની દીનમાં જાહેર કરેલુંછે કે, જેઆરે દાદારની તરફથી જમશેદને સઘલી ભલાઇનાં પ્રમાંણવાલા ધરમને લગતાં ફરમાંન બતલાવીઆમાં આવીઆં, તેઆરે ખલકનાં લોકોની અંદર દેવોના સંબંધની અસરથી અહુરમજદની નાફરમાંનીનો જે કાંઇ ખવાસ ઉતપન થાએલો હતો અને તેથી આદમીઓ સરવેથી સરસ ઘાત કરવાની પસંદ કરતા હતા તે બંધ પડીયું.* તેથી (દેવો) સઘલી ભલાઇનાં મુલ દાદારને લગતું ૬

* ભલી મજદીઅસ્નની દીનનો અહુરમજદના હોકમથી આએ દુનીઆંના લોકોમાં પેહલો રેવાજ આપનાર અને તેને લગતાં ફરમાનો તથા કાએદાઓને ચાલુ કરનાર પેશદાદીઆંન ટોલાનો તરીજો પાદશાહ જમશેદ હતો, તે વીશેની સાખેતી પાક અવસ્તા ઉપરથી આપણને નીચે જણાવેઆ પરમાંણે મલેછે.

(વંદીદાદ પ્રગરદ બીજી ફકરો ૧ લો તથા બીજો.)

[illegible] + + [illegible]

[illegible]

૩

કામ કરનારા તથા તેનાં ફરમાંનથી પ્રકાશ મેલવનારા દીનના તાબેદારોની તરફ ઠગાઈ કરવા લાગા, કે જેથી તેઓનો પોતાને મારેનો (દીનદારીનો) ખવાસ ખરાબ થાએ, અને તે ખવાસ ખરાબ થવાથી તેઓની અંદર નીતીને ખરાબ કરનારાં અપ્રમાણીક તથા એબ આપનારાં પ્રમાણો જનમ લીએ તો, જમશેદ પ્રમાણીક ધરમની મારફતે આદમીઓમાં સુધારો કરવાને અને પેદાએશને અમર્ગ કરવાને શક્તિવાંન નહીં થાઇ શકે. તે દેવોનો ફરેબ આદમીઓની અંદરથી કાહડી નાંખવા સારૂં જમશેદે દેવો અને આદમીઓની એક મીજલસ બનાવી અને ત્યાં દેવોને સવાલ કીધા કે,

૭ આએ દુનીયાંને કોણે પેદા કીધીછે? અને તેને કોણ ખરાબ કરેછે? દેવોએ જવાબ વાલેઓ કે હમોએ પેદા કીધીછે, અને હમો જેઓ દેવો છઇએ

૮ તેઓ ખરાબ કરીએ છઇએ. જમશેદે દેવોને એનો જવાબ વાલેઓ કે આએ

[illegible]

"જરતોશતે અહુરમજદને પુછીઉં કે, હું જરતોશત સીવાએ પેહલાં કીહાં આદમીની સાથે તું અહુરમજદે પુછપરછ કરી હતી. અને જે અહુરમજદી જરતોશતી દીન છે, તેની તુએ કોણને સહમજ આપી હતી. તેનો અહુરમજદે જવાબ દીધો કે, ઓ અશો જરતોશત! નેક ટોલાવાલા જમશેદને. હું અહુરમજદે આદમીઓની અંદર પેહલાં તેની સાથે પુછપરછ કીધી હતી. અને તું જરતોશત સીવાએ તેને હુંએ જે અહુરમજદી જરતોશતી દીન છે, તેની સહમજ આપી હતી."

'દાદસ્તાને દીની' નામની પેહલવી કેતાબના ૩૮ માં પ્રકરણમાં શુદરેહ કુસ્તીની બાબત આવેલીછે તેમાં લખેછે કે—

[illegible]

"આએ દુનીઆંને લગતું જે દીનનો દરજજો ધરાવનારૂં આદમી હોએ તેણે તરણ ભાગવાલાં બદનના વચલા ભાગમાં કે, જે (ભાગ) તરણ ભાગવાલાં બદનનો સરવેથી ચહડતે દરજજેનો ભાગ છે, તે ઉપર કુસ્તી બાંધવી સારી છે. કારણ કે આએ કુસ્તીની બરકતથી જે જમશેદ વીયંઘહાંન હતો તે આએ દુનીઆં ચલાવવામાં અને આએ દુનીઆંને લગતાં કાંમો કરવામાં ઘણો ફતેહમંદ થયો હતો. અને સઘલા મોતવાલાઓથી તેઓના સરવે દુઃખોને અટકાવેઆં હતાં. અને તેઓને જબરી અને મોત વગરનાં બનાવેઆં હતાં. જે કુસ્તીનો કમરબંદ કમરે રાખવા

વાત હું માનતો નથી કે બુરી બુદ્ધીવાલાથી તેમ થાઇ શકે! કારણ કે જેઓ (દુનીઆંને) પેદા કરનાર હોય, તેઓ (તે દુનીઆંને) મારનાર નહી હોય. માટે એ બેહુ વાત એક બીજા સાથે મલતી આવતી નથી; એટલે જે તેને પેદાનો કરનાર અને તેને મારનાર એક મુલમાંથી નહી હોય. આએ ધરમી વચનથી જમશેદે દેવોની ઠગાઇને હાંણી પોંહચાડી, અને ખલ- ૯ કને અમરગીથી સુધારી હતી. ભલી દીનમાં જાહેર કરેલુંછે કે, જે અશો ૧૦ લોકો પ્રમાણીક ધરમથી આએ દુનીઆંમાં ચાલનારા અને સારા ખવાસ-વાલા હતા, તે જમશેદથી (આએ દુનીઆંમાં) ફેલાયલા અસલ ધરમને લીધે અને જમશેદની ઓલાદના સંબંધને લીધે હતા. અને પાદશાહઓ તથા

સારૂં આદમીઓને તે દુનીઆંના ઓરેહમંદ પાદશાહે ફરમાવીઉં હતું. અને તેનાં આએ ફરમાનથી તે આદમીઓ તે ભલી નીશાંનથી ઓરેહમંદ થયા હતા."

વંદીદાદની બીજી પરગરદની પેહલવી શરેહમાં લખેછે કે:—

[illegible]

"જયાંસુધી (તે જમશેદ) ભલી દીનવાલો હતો અને અશો હતો ત્યાંસુધી તે ભલી દીનની કેલવણી લેનાર અને બીજાઓને આપનાર હતો. તેણે ભલી દીનની નીશાંન (યાને શુદરેહ કુસ્તી) ને આદમીઓનાં બદનમાં કરી હતી. એ ભલી દીન-વાલો હતો તેની સાબેતી આએ અવસ્તા ઉપરથી મલેછે કે:—જે કાંઈ દેવના વીચાર હતા તે તેણે (આદમીઓને) કહેઆ હતા. એ અશો હતો તેની સાબેતી આએ અવસ્તા ઉપરથી મલેછે કે:— જમશેદ વીવંગાંનનાં અશો ફરોહરની હમો યાદ કરીએ છઇએ."

પાદશાહ જમશેદે લોકોને શુદરેહ કુસ્તી પેહડાવીને મજદીઅસની દીનવાલા બનાવેઆ હતા તે વીશેની નોધ શાએર ફીરદોશી તુસીએ પોતાનાં શાહનામાનાં અપખશપાત પુસતકમાં નીચે લખી જણાવેઆ મુજબ લીધીછે:—

همنگه بیامد خجسته سروش بجم گفت تاکي نشيني خموش

بياراي اين دين ايزدان پاک بيافکن توآئين ديوان بخاک

بسدره و کستي ميانرا ببند ترا هيچ نيايد ز ديوان گزند

"તેજ વખતે મોબારેક સરોશ જમશેદની આગલ આવેઓ, અને તેને કહયું કે ઢીલ ના કર અને આએ ખોદાઇ દીનથી (દુનીઆંને) સીનગાર આપ. અને દેવોની રાહરસમને તું ખાકમાં નાંખ. બદનમાં શુદરેહ પેહડ અને કુસ્તી કમર ઉપર બાંધ કે તેથી તુને દેવોથી કસ્સું નોકસાંન પુગશે નહી."

એ સીવાએ 'માદીગાંને અઇવ્યંગનો તશકુક' નાંમના પેહલવી પુસતકમાં તથા 'સદદરેનસર,' 'સદદરેનજમ' અને 'સદદરે બેહરે તવીલ' તથા રેવાએત

હાકમોએ તેજ દીનથી (દુનીઆંની હકુમત) ચલાવી લોકોમાંથી ઘાતને દાબી નાંખી હતી, અને તે પ્રમાંણીક ધરમથી દેશોને સુધારીઆં હતાં. અને આએ ઓદાએતાલાની તાબેદારીને લગતા અસલ મજહબના ઇનસાફી વીચારની મારફતે લોકોને મજદીઅસની દીનથી સુધારીઆ હતા. આરાધના કરવાજોગ ફરોહરના જરતોસ્તની તરફથી જે કાંઇ સરવેથી સરસ દીનનાં ફરમાંનો તથા ઓત્તમ સવાબનાં કાંમો દીનની અંદર જણાવેલાંછે, તે (ફરમાંનો અને સવાબનાં કાંમો) પોરીઓતકેશી પાદશાહોથી પેહડી દર પેહડીએ (દુનીઆંમાં) ચાલુ રહેલાં હતાં. તેથી તે પાદશાહોએ લોકોમાં માજદીઅસની દીનથી સુધારો કીધો હતો. હકુમતને સારા બંદોબસ્તથી ચલાવી હતી—દુનીઆંને જેબદાર બનાવી હતી—ખલકને નેકીથી ચહડતે દરજજેની કીધી હતી—અને તેને ફતેહમંદ સોસીઓશ તથા ફ્રશકરેતિની મોહટી શક્તિના સંબંધવાલી બનાવી હતી.

૧૧ વલી ભલી દીનની અંદર જાહેર કરેલુંછે કે, તે દેવોનાં મુલ (અંઘ્ર-

---

અને બીજાં ફારસી પુસતકોમાં જમશેદે લોકોને શુદરેહ કુસ્તી પેહડાવીને 'મજદીયસની' ધરમ પાલનારા બનાવેઆ હતા તેની નોંધ આપેલીછે.

પાદશાહ જમશેદ યજદી ઓરેહ ધરાવનારો હતો અને ઓદાએતાલાની તરફથી તેની ઉપર દર વખતે સંદેસાઓ પોંહચતા હતા, તે વીશેનું વરણન શાહાનામામાં નીચે મુજબ આવેલુંછે:—

چنین تا برآمد برین سالیان   همی تافت از شاه فرهٔ کیان

جهان بد بآرام ازانشاه کام   ز یزدان بدو نوبنو بد پیام

"એ પ્રમાણે ઘણાંએક વરસ ગુજરેઆં તાંહાવેર તે પાદશાહ ઉપર કયાંનઓરેહ પ્રકાશતું હતું—દુનીયાં તેનીથી ખુશી અને આબાદ હતી. અને દર વખતે ઓદાતાલાની તરફથી તરેહતરેહના સંદેસાઓ તેને મલતા હતા."

પાદશાહ જમશેદની અંદર મજદીઅસની દીન અને હકુમત, એ બેઉને લગતું ગણેઆંન અને શકતી હતી, તે ઉપરથી તખત ઉપર આવતાંવાર એ પાદશાહે સઘલા દરબારના વજીર અમીરોને પોતાની તરફથી નીચે જણાવેલા શબદો કહેઆ હતા. જેની નોંધ શાએર ફીરદોશીએ નીચે લખી જણાવેઆ મુજબ લીધીછે:—

منم گفت با فرهٔ ایزدی   همم شهریاری و هم موبدی

بدانرا زبددست کوته کنم   روان را سوی روشنی ره کنم

"કહેઉં કે મારામાં ઓદાએતાલાનો પ્રતાપ (યાને નુર)છે, તેથી પાદશાહીની અને પેગમબરીની મારામાં શક્તિ છે. (તેની ખુબીથી) હું બુરા લોકોને બુરાઇ કરવાથી અટકાવશ, અને (આદમીઓનાં) રૂહને બેહસતનો મારગ બતલાવશ."

મઇનીઉ) ના ફરેબથી સીનગાર પામેલો, તાજની* બુનીઆદનો, પેદા-એશનો ઘટાડોકરનારો ઝોહાક હતો. જેથી ઝોહાકનો ધરમ પોતાના સારા ખવાસને ખરાબ કરવાનો, અને પેલા અપ્રમાણીક તથા એબુ-વન્તા (અંગ્રમઇનીઉ) નું કામ કરવાનો, અને જોલમ તથા ઠગાઇથી ખરાબી કરવાનો હતો; તેથી તેણે આદમીઓના ખવાસને ખરાબ કીધો હતો, દુનીયાંને નુકસાંન પોંહચાડીયું હતું, અને લોકોને મોતમંદ કીધાં હતા. વલી યાહુદીનાં ધરમ પુસ્તકનું પેહલું લખાંણ તેણે કીધું હતું, તથા યોરૂસલમનું મકાંન બાંધીને તેમાં તે (પુસ્તકને) રાખીયું હતું. આદમીઓ યાહુદીઓના ધરમગુરૂ ઇબરાહીમની પૈક્ષવાલાં ઝોઆકથી થયાંછે; અને ઇબરાહીમથી તેઓ મસહીઆના સંબંધવાલાં બનેઆંછે. જેને (યાને મસહીઆને) યાહુદીઓ પેગમબર તરીકે માંનેછે, અને ધરમ લાવનાર તરીકે ગણેછે. વલી મસહીઆને તેઓ (માણસોના) ગુનાહનુ તારંણુ કરવા સારૂં તથા સેવટે યાહુદીઓની દીનને (દુનીયાંમાં) ચાલુ કરવા સારૂં પોંહચેલો ગણેછે. એ પ્રમાણે દેવોનાં ફરેબવાલો (તરીકો) લોકોને દુઃખ દેવા સારૂં ઝોહાકે પસંદ કીધો હતો.† તે બુરી દીનની મુખ્ય સમજ

* તાજ—'બુન્દેહશને' કેતાબમાં લખેછે કે ૭૦ તાજ નામનો એક પુરૂષ અને ૧૦૦ તાજે નામની એક સ્ત્રીનું જોડું શીઆમકની ઓલાદથી ઉતરેલું હતું, અને તેણે અરબસ્તાંનનાં જંગલમાં પોતાનું વસીઆંણ કીધું હતું. તેની ઓલાદના મરદાસ નામના એક પરહેજગાર પુરૂષની બુનીઆદથી ઝોહાક પેદા થાયો હતો.

† تاريخ طبري 'તારીખે તબરી' માં ઝોહાક વીશે લખેછે કે:—

عرب او را ضحاک خواندندي و مغان گويند که او بيوراسپ بود

+ + گويند بيوراسپ بوقت نوح عليه‌السلام بود و اين ملکي بود

ستمگار و همه ملک جهان را بکشت و خلق را به بت پرستي خواند ⁂

"અરબો તેને ઝોહાકના નામથી બોલતા હતા, અને પારસીઓ તેને 'બીવર-અસપ' ને નામે ઓલખતા હતા. ઝોહાક નુહ પેગમબરના વખતમાં થઇ ગીઓ હતો. આએ પાદશાહ જોલમગાર હતો, અને તેણે દુનીઆંના સઘલા પાદશાહોને કટલ કીધા હતા, અને લોકોને બુતપ્રસ્તીનો ધરમ પાલનાર બનાવેઆં હતાં."

શાએર ફીરદોસી પોતાનાં શાહનામાંની કેતાબમાં ઝોહાક વીશે લખેછે કે:—

چو ضحاک بر تخت شد شهريار　　بر او ساليان انجمن شد هزار

نهان گشت آئين فرزانگان　　پراکنده شد کام ديوانگان

هنرها خوار شد جادوي ارجمند　　نهان راستي آشکارا گزند

شده بر بدي دست ديوان دراز　　ز نيکي نبودي سخن جز براز

"જયારે ઝોહાક પાદશાહ તખ્ત ઉપર બેઠો ત્યારપછી હજાર વરસ ગુજરેઆં ત્યાંસુધી દાંનાઓની રીતભાંત નાબુદ થઈ હતી; અને દેવોની મરજી મુજબનાં

દર વખતે ચહડતે દરજજેની મજદીઅસ્ની દીનની અંદર ખરાબી કરવાની, તથા ખોદાના તાબેદારોને હીન કરવાની, અને દુનીયાંમાં ઠગાઇને ઉપાયની મારફતે તરેહવાર રીતે બીજી તથા ત્રીજી વખતે દીપાવવાનીછે. તે (દીન)થી દેવોના ફતવાએ આદમીના સારા ખવાસને ખરાબ કરવો, તથા દુનીયાંને અપવીત્રાઇ, વેરાંણી, અને લોકોને ઘણી પીડા થવીછે; વલી (તેથી) ભલા લોકોને હલાકી—કંગાલીઅત—સંકટ—અને સખતી છે, અને બુરા લોકોને ચહડતો દરજજો—ફરાગટ—અને શક્તિવાંન થવુંછે. આએ ઘાટકી મુલવાલી દીનનાં લોકો હમેશાં જમીનની અંદર ખારા ખબોચીઆ રાખેછે, અને તેથી લોકોને હલાકી તથા નુકસાંન પેદા થાયછે. એટલા સારૂં ભલી દીનમાં જાહેર કરેલુંછે કે, દાદારની ઇચ્છા તથા તેના હોકમ મુજબ મજદીઅસ્ની દીનને જેમ બને તેમ સરવેથી ચહડતે દરજજે ખીલવવી. અને જમીનની અંદરથી ખારા ખબોચીઆઓને ઉખેડી નાંખવા, અને દુનીયાંમાંથી અને શેહરની અંદરથી નેજાસતને દુર લઇ જાવી, અને લોકોને તેથી પાક રાખવા.

—⊝⊝⊝⊝⊗⊝⊝⊝⊝—

૧ (૨૨૮) દુનીઆંને ફાએદેમંદ તથા ફરાગતવાલી કરનારાં આદમી વીશે, તથા તેને નોકસાનવાલી તથા સંકટવાલી કરનારા બુરા હાકમ વીશે, ભલી દીનને લગતો ખોલાસો.

—⊝⊝⊝—

૨ જાણવું કે, જે આદમી જાતી અક્કલથી સારો ઉદીઓગ કરનારૂં તથા ભલી દીનને માટેની કુશેશ કરનારૂં છે, તે દુનીઆને ફાએદો કરનારૂં અને તેને ફરાગત આપનારૂં છે. એટલા વાસ્તે કે, જે પ્રમાણે તે પોતે તેની દીનથી આએ દુનીઆંમાં સારી કુશેશ અને ઉદીઓગ કરનારૂં છે, તે પ્રમાણે તે (પોતાના નેક) કાંમથી યજદોને કઉઅત આપવાએ મીનોઇ ૩ મકાનને સારૂ દુનીઆંને ચહડતે દરજજેની બનાવેછે. બુરી દીનવાલો હાકમ

કામો ચોતરફ પંઠરાયાં હતાં. સારા ગુણોને કોઇ પુછતું નહી હતું, અને જાદુઇનાં કામો મોહટાઇ ભોગવતાં હતાં. સચ્ચાઇ ઢંકાઇ ગઇ હતી અને ચોતરફ નોકસાન ફેલાએલું હતું. નેકીની વાત માત્ર છુપી ચાલતી હતી, પણ દેવોની બુરી કઉઅત (દુનીઆંમાં) આગલ વધેલી હતી.”

ઉલટા વીચારની વધારે કઉવ્અતવાલો અને બુરા ઉદ્દીઓગમાં આગલ વધનારો છે. તેમજ તે દુનીઆંને નોકસાંન કરનારો અને તેને સંકટવાલી કરનારો છે. એટલાવાસ્તે કે, જે પ્રમાણે તે પોતે તેની દીનથી આએ દુનીઆંમાં બુરા ઉદ્દીઓગની અંદર હમેશાં ફાવનારો છે, તેમ તે તેનું જોર દેવોને આપવાએ દુનીઆંનો છુપી રીતે ઘટારો કરેછે.

(૨૨૧) તપાસ કરનારા વડાએજ તપાસ કરવાને લાએકનાની તપાસ કરવી ઘટારત છે, અને તપાસ કરેલાની તપાસ કરવી ઘટારત નથી; તે વીશે ભલી દીનને લગતો ખોલાસો.

૧

જાણવું કે, દાંનાઇથી છુપી વસ્તુને માટેની તપાસ કરવી, એ તેને માટેનાં કાંમની જાહેર પીછાંણ કરવા તથા કામની માહીતી મેલવેલી દરએક ભલી પેદાએશને લગતી (લોકોને) સમજ આપવા સારૂં છે. તપાસ કરવાને લાએકનો શખ્સ પુરતી ખાતરી આપનારો નથી, પણ તપાસ નહી કરવાને લાએકનો શખ્સ પુરતી ખાતરી આપનારોછે એ તેઓને લગતી શોહોરત (યાને લોકોમાં ફેલાએલાં મત ઉપર) થી છે. અજમાએશ કરેલો તે શખ્સ છે, કે જે જાહેર પીછાંણ તથા શોહરત અને તપાસથી તપાસ કરનારને સમજ મેલવવાજોગ નહી હોએ. તરણ મરતબેની તપાસથી તપાસનું સેવટ નીપજેછે. અજમાએસ કરેલો શખ્સ તથા વસ્તુ, પેલા પ્રખીઆત હકીમની માફક છે, કે જેની દવાઇ તરણ આદમીઓને આપવાથી પેહલવેહલાંજ તેઓનાં દરદનું નીવારણ થવાથી તેને વીશે સારા હકીમ તરીકેનો અભીપરાએ મલવાએ, તેને હકીમાંનો ધંધો કરવાની છુટ આપીઅમાં આવેછે. વલી જે (શખ્સ) ની દવાઇ કરવાથી, પેહલવેહલાં તરણ આદમીઓને મરણ પાંમવાએ, તેને વીશે ખોટા હકીમ તરીકે ડેડાવ કરીને તેને સજા કરીઆમાં આવેછે. એવા હકીમોની તપાસ મુજબ દુનીઆંનાંબીજાં દરએક કામદારીની તપાસ કરવા સારૂં (દીનમાં) લખાંણ આવેલુંછે. તેથી દીન અને હકુમતને લગતા તરેહવાર રીતના શખ્સોનું સારી રીતે જાણવું તરણ કીસમની અને તરણ મરતબેની (તેઓને લગતી) તપાસથી છે. માટે

૨ ૩ ૪

સેવટની તપાસમાં જે સારો ઠરે તે ઉપર વીસવાસ રાખવો, અને તેને માનવો; અને જે કોઇ તેને લગતી ખાંમીઓથી બુરો જણાએ તેને દુની-આંનાં લોકોને હમેશનું નોકસાંન કરવાથી તથા ઇજા દેવાથી અટકાવવો.

૫ જમશેદની ઓલાદના સારા પાદશાહુઓની અંદર ફરેદુન પછી એરચની બુનીઆદના છે. તેમાં પેહલ્લો તબક્કો મીનોચેહરની ઓલાદથી, બીજો તબક્કો કએની ઓલાદથી, અને ત્રીજો તબક્કો હુઆફરીતની*

---

* હુઆફરીત—એ બેહમનનાં તોખમથી હોમાએને પેટે પેદા થાએલા પાદશાહ દારાબનું નામ છે. આવાં યસ્તના ૩૦ માં કરદાની અંદર ૧૩૦ મા ફકરામાં **હુઆફરીતનું** નામ આવેલું છે તેમાં આએ પાદશાહે અરદુઇસુરની બંદગી કરીને મોહટાં રાજની ફતેહ મેલવવા ચાહી હતી, અને તેમજ 'શાહનામુ' અને 'તારીખે તબરી' નાં લખાંણ ઉપરથી આપણને જણાએછે કે તેણે ઇરાંનના દેશ ઉપરાંત તુરકસ્તાંન—રૂમ—અને હીંદુસ્તાનના દેશો હાથ કરીને ત્યાંનાં પાદશાહો પાસેથી ખંડની લીધી હતી. આવાં યસ્તના અવસ્તામાં આવેલા [illegible] બોલ વીશેશ નામ તરીકે વપરાએલુ છે. પણ કાબેલ પ્રોફેસર ડારમેસ્ટેટરે તેને અરથી શબ્દ સમજીને તેનો અર્થ fully blessed (યાને (ખોદાની તરફથી) પુરતા આશીરવાદ મેલવેલો) કરીને કીધોછે. દીનકર્દનાં ઉપલાં લખાંણમાં જણાવીઉંછે કે:— ઇરાંની પાદશાહોનો તરીજો તબક્કો 'હુઆફરીત' ની ઓલદથી છે, અને તેજ કયાંની ઓલાદથી સાસાંની તબક્કાના પાદશાહો ઉતરેલા કેહવાએછે. એ વાતને ફીરદોસીનું શાહનામુ અને 'તારીખે તબરી' નાં લખાંણથી ટેકો મલેછે. શાહનામાં અને 'તારીખે તબરી' માં લખેછે કે બેહમનના બે છોકરાઓ હતા તેમાં એકનું નામ સાસાંન હતું, તેને બેહમનનું રાજ નહી મલવાથી, તેણે પોતાની એકાંત જીનદગી ગુજારી હતી. અને તેની ઓલાદથી જે દીકરાઓ પેદા થતા હતા તેઓને સાસાંનનાંજ નામથી સરવે કોઈ ઓલખતા હતા, અને છેલ્લા સાસાનની બુનીઆદથી પારસના હાકમ બાબકની દીકરીને પેટે અરદેશેર જનમેઓ હતો, અને તેનીથી સાસાનીઆંન પાદશાહોનો તબક્કો બનેઓછે. વલી 'તારીખે તબરી' માં અશકાનીઆંન તબક્કાના પેહલ્લા પાદશાહ 'અશક' ના બાપનું નામ **દારાએ-કેબર** (યાને ઉનચાં કદવાલો દારા) કરીને લખેછે, જે બેહમન પાદશાહના દીકરા પાદશાહ દારાબનો બીજો દીકરો હતો, અને સેકંદરની હકુમતના વખતમાં તે નાધલી ઉમરનો હતો, તેથી સીકંદરની લડાઇમાં તેનો ભાઈ **દારાએસેગર** (યાને ઠીગણાં કદવાલો દારા) મારેઓ ગીઓ તે વેલા તે કાંઈ કરી શકીઓતો નહી; પણ મલુકેતવાએફના વખતમાં તેના દીકરા અશકે ઇરાંનનો દેશ પોતાના કબજામાં લેઇને ઇરાંન દેશમાં અશકાંનીઆંન ટોલાની હકુમત ચાલુ કીધી હતી. એ વીશેનું લખાંણ 'તારીખે તબરી' માં આએ પ્રમાણે આવેલું છે:—

از روم ملکی بیامد و از دجله بگذشت و ازین سو آمد نام وی
ابطیس و ازآب دجله ازین سوی حد سواد تا حد اهواز و فارس و ری
بگرفت و ملوک طوایف اورا فرمان نکردند و سرهی رومی برخویشتن
ملک کردند پس دارا ال کبر را پسری بود نام وی اشک و بوقت اسکندر
خرد بود و بری بود و چون اسکندر برادرش دارا ال صغر را بکشت

ઓલાદથી ઉતરેલોછે. અને તેજ કયાંની ઓલાદથી સાસાની તબકાના પાદશાહો કેહવાએછે. આએ દરએક પાદશાહની અંદર ખોદાએતાલાની તાબેદારીની અસર—ખાલેસી—મોહટાઇ—પ્રમાણીક મજહબ—દુનીઆંની નેકી—તથા લોકોને હકુમતથી છુટાપણું આપવું એ જમશેદથી ઉતરતું આવીઉં હતું. અને આદમીઓ તેને લગતી (યાને જમશેદની ઓલાદની) યાદ રાખીને હકુમતને સારૂં અનજમાએશવાલા પાદશાહની નેમણુક કરતાં હતાં. અને એજ તોખમનાઓથી એક પછી એકના સંબંધથી ફ્રશકેરેતીનો (યાને છેલ્લા સુધારાનો) સંબંધ (દીનમાં) જણાવેલોછે.

૬ દીનમાં જણાવેલુંછે કે, (દુનીઆંમાં) બુરી હકુમત ઝોહાકની ઓલાદનાઓથી છે. (પેગમબર જરતોસ્તની પછી) નવમી તથા દસમી સદીમાં આએ ઓલાદના તાબેદારો થાઇ ગીઆછે.* અને તે દરએક સખ્શ અપ્રમાંણીક—એબવન્તો—અનીતીવાલો—દુનીઆંને નોકસાંન—હલાકી અને વેરાંન કરવાનો વીચાર ધરાવનારો, તથા હકુમતથી રઇઅતને તંગીમાં રાખનારો ઝોહાકથી હતો. આદમીઓને બુરા હાકમ તરીકે તપાસ કરવાનું, અને તેને વીશેનો સેવટનો ઠરાવ કરવાનું, તે ઝોહાક (નાં નાંમ) ની યાદથી હતું. તાજના તોખમનાઓને (કુદરતથી) અપકીરતી—હાંણી પોંહચવી અને અપ્રસીદ્ધ થવુંછે.

૭ દીનમાં જણાવેલુંછે કે, દુનીઆંની શરૂઆતથી ભલી દીનના તરીકાની બખ્શેશ મેલવનાર ગયોમર્દ હતો. અને તેની મારફતે આદમીની

این چیزي نتوانست کردن پس این ایطیحس رومي بیامد و ملک
ازآب دجله این سوي تا ري بگرفت این اشک شده بود لختي سپاه
اورا کرد آمد و ملوک طوایف هرکسي اورا یاري کردند و سپاه و
خواسته فرستادند تا ایطیحس را بکشت و همه مملکت وي بگرفت
ازآب دجله تا ري و ملوک طوایف اورا فرمان کردند چون اورا بشناختند
که پسر دارا بود و ملک اورا سزا بود و بدو نامها کردند و نام او بر
عنوان پیش از نام خود کردند

* આએ વખતમાં 'મજદક' તથા તેના જાએનશીનોએ ઇરાંનમાં મજદકી દીન તથા દારનો ફેલાવો કીધો હતો, પણ તેઓને કતલ કરાવીને નોશેરવાંન આદલે ઇરાંનમાંથી મજદકી દીનવાલાઓનો નાસ કીધો હતો.

ઓલાદ ચાલુ થઇ હતી.* હોશંગની મારફતે હકુમત અને નીઆધીસ-પણું ચાલુ થયું હતું. જમશેદની મારફતે દુનીઆંને અમર્ગ કરવાનું કાંમ ચાલુ થાઇઉં હતું. અને જમશેદની પછી તેની દીનથી જમશેદની ઓલાદમાંના પાદશાહોએ જરતોશ્તના વખત સુધી ઇરાંનમાં સુધરેલી હકુમત ચલાવી હતી. જરતોશ્તની મારફતે (આદમીઓની અંદર) દીન સંપુરણ રીતે કબુલ થવાએ તથા રેવાજ પાંમવાએ, દેવનાં કાલબુદોને શેકસ્ત પોંહચી હતી.† બીજી વખતે (દીનને લગતો) સુધારો કરતાં જરતોશ્તની ઓલાદના હોશેદરની મારફતે ચોપગાં (વેહશી) જાનવરોનાં કાલબુદો શેકસ્ત પાંમશે. તરીજી મરતબે (દીનને લગતો) પાછો સુધારો કરતી

---

* ફરવરદીન યશતના ૨૪ માં પ્રકરણના ૮૭ મા ફકરામાં ગયોમર્દનાં અશો ફરોહરની યાદ કરતાં આએ રીતનું વરણન આવેલું છે:—

[illegible]

[illegible]

[illegible]

"ગયોમરદનાં અશો ફરોહરની હમો યાદ કરીએ છઇએ. જેણે પેહેલાં અહુરમજદના વીચારને અને તેની શીખામણને સાંભલી હતી. અને જેનીથી અહુરમજદે ઇરાંની પ્રજાવાલી જાતને તથા તેની બુનીઆદને ઉતપન કીધી હતી."

† યજશનેના નવમાં હાનાં ૧૪ અને ૧૫ માં ફેકરામાં જરતોશતે દેવોનાં કાલબુદનો નાસ કીધો તે વીશેનું વરણન હોમ યજદની જબાંનીથી આએ રીતે આવેલું છે:—

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

"ઓ જરતોશ્ત વખણાએલાં ઇરાંનવેજની અંદર તું પેહલવેહલાં ચાર અહુનવર ગણીને પઢેઓ.¹ અને બુલંદ આવાજે (તે અહુનવરનું) પઢાંણ કીધા પછી ઓ જરતોશત તુંએ સઘલા દેવોને જમીનની અંદર છુપીઆ કીધા; જેઓ તેની આગમચ આદમીનાં રૂપમાં આએ પૃથવી ઉપર આવતા હતા. માટે તું તારાં શરીર અને આત્મા એ બંધેના બલથી ઘણોજ બુજોરગ—ઘણોજ કઉઅતદાર—ઘણોજ ઉદીઓગી—ઘણીજ જડપવાલો અને (દરએક કાંમમાં) ઘણીજ ફતેહ મેલવનારો છે."

¹ આએ ચાર અહુનવર યજશનેની અંદર અએતદતેમની સેવટે હોમને કુટતાં પઢવામાં આવેછે તેને સમજવા.

વખતે જરતોસ્તની ઓલાદનાં 'હોશેદર માહ' ની મારફતે દંખ મારનારાં (જાનવરો) ની ઓલાદનાં કાલબુદો શેકસ્ત પાંમશે. અને ચોથી મરતબે પાછો (દીનને લગતો) સુધારો કરતી વખતે જરતોસ્તની ઓલાદના સોસીઓશની મારફતે બે પગી ઓલાદનાં (આદમીઓનાં) દરૂજનાં જેવાં કાલબુદો શેકસ્ત પાંમશે. (એટલે જે બુરા ખવાસનાં આદમીઓની અંદરથી તેઓના દુરગુણો નીકલી જશે.) દરએક મરતબે દુનીઆંમાં તે પ્રમાંણીક મજહબને ચાલુ કરવાએ તથા સઘલાં આદમીઓએ તે ઉપર એતેકાદ રાખવાએ અને ચુસ્ત રેહવાએ દાદારની ઇચ્છા અને ફરમાનથી તનપસીનને લગતો છેલ્લો સુધારો થશે? ૮

બુરી દીન—એ દેવોની અનીતીનો (માંણસોને) ફરેબ આપવા સારૂ છે. અને તે પેહલ્લાં પેદાએશને ઘટાડનારા ઝોહાકે પસંદ કીધી હતી. અને યાહુદીઓનાં ધરમ પુસતકનાં લખાંણની શરૂઆત તેણે કીધી હતી. ઝોહાકથી દુનીઆં અપ્રમાંણીક—એબવન્તી—અનીતીવાલી—નોકસાંનકારક અને મોતવન્તી (યાને દોજખની સજા ભોગવવાને લાએકની) બનીછે. યાહુદીઓના પેગમબર એબરાહીમનું (આએ દુની-આંમાં) પોંહચવું તેનાથી થાએઉં હતું. અને પેહલ્લી—બીજી અને તરીજી વખતે લોકોને યાહુદીના ધરમના તાબેદાર થવું તેનાથી બનીઉં હતું. અને મજદીઅસ્ની દીન ધરાવનારાં દુનીઆંનાં આદમીઓને હમેશાં તરેહવાર રીતે અપ્રમાણીક—એબવન્તું—અનીતીવાલું—જનાકાર—બદકાર અને હાંણી પોંહચાડનાર બનવું, આએ ઝોહાકના ધરમવાલા આનજુદેહ સરદારોથી છે. તેઓને તોડવા માટે લાએકના થવા, દુનીઆંને તેઓથી પાક રાખવા અને તેઓથી લોકોને છુટકારો આપવા સારૂ દીનમાં જણાવેલુંછે. માટે બીજી બેહદ વસ્તુઓને તરણ મરતબે તપાસવાએ જે (વસ્તુ) હયાતીવાલાં ઇનસાંનોને વધારે સારી હોએ તેથી તેઓને સુધારવાં. અને જે ચીજ બુરી હોએ તેને ભાંજવી અને ખરાબ કરવી. આ વીચાર ભલી દીનવાલી હકુમત અને બુરી દીનવાલી હકુમતને સારૂં જણાવેલોછે. ૯

૧ **(૧૩૦) દીનદાર આદમી દીનના સબબને લીધે તે દીનને નામે ઓલખાએછે, તે વીશે ભલી દીનને લગતો ખોલાસો.**

૨ જાણવું કે, જે માણસની અંદર મજદીઅસ્ની દીન હોએછે, તે (આદમી) મજદીઅસ્ની દીનનો વીચાર રાખવાના સબબથી પોતે મજદીઅસ્ની દીનવાલું કેહવાએછે. એની મીસલ આએ પ્રમાણે છે કે, જેમ દરએક જાત તેની અંદરની બુનીઆદને લીધે તેને નામે ઓલખાએછે, તેજ પ્રમાણે દીનદાર આદમી દીનને લગતા વીચારથી પોતાને ચલાવવાએ મજદીઅસ્ની દીનને લગતો કેહવાએછે.

૧ **(૧૩૧) (માણસનાં) રવાંનને તેનાં બદનની મારફતે ગુનાહથી દુર રેહવાએ અને સવાબનું કાંમ કરવાએ (ખોદાતાલાની તરફથી) શુકર ગુજારી મેલવવીછે, અને તેથી ઊલટું ચાલવાના સબબે કેદી થવુંછે; તે વીશે ભલી દીનને લગતો ખોલાસો.**

૨ જાંણવું કે, જેમ એક સવારને તથા હાંકનારને ઘોડાથી કઉઅત મલેછે, તેમ રવાંનને બદનથી કઉઅત મલેછે. રવાંન, તેના માલેક તથા તેને બદન આપનારની તરફથી, તેને મારેની લાએક કઉઅતનો બદલો મેલવનારૂં બદનને શીખામણ દેઈને ગુનાહ કરવાથી પાછું રાખવાએછે. અને આલસાઈથી સુખને પસંદ કરવાએ, તથા સુસ્તીથી બેદરકાર રેહવાએ, અને ગુનાહથી પરહેજ નહી કરવાએ, તથા સવાબ કરવા વગર રેહવાએ, તે રવાંનને સજા કરવાને લાએકનાં મકાંનમાં નાંખેછે. આએ પ્રમાણે કે, જેમ એક પાદશાહ તેના ઘોડાને સારી કેલવણી આપનારા ઘોડા કેલવનારનું, ઘોડાને સારી કેલવણી આપવા સારૂ તથા તે ઘોડાને સારી ચાલથી ચલાવવા માટે એહસાંન માંનનારો (ઇઆને સારો બદલો આપનારો) છે, અને નહી સારી કેલવણી આપવાથી તે પાદશાહ તે (કેલવનાર) ને કેદમાં રાખવો વાજબી ગણેછે તેમ.

(૧૩૧) આદમીઓમાંનાં વધારે સારી ખસલતવાલાં તથા વધારે બુરી ખસલતવાલાં (આદમી) ઓ વીશે, ભલી દીનને લગતો બોલારો. ૧

—∞◇∞—

જાંણવું કે, બુરા (દેવના) સાયાથી જાલવવા સારૂં આદમીઓની અંદર યજદી ખોરેહ પોંહચવાએ તેઓ ઘણી સારી ખસલતવાલાં રેહછે. જેમ યજદો પોતાનાં કાંમની અંદર ઘણા ઉલટ ભરેલા રેહછે, તેમજ આદમી પોતાના ધંધાની અંદર વધારે ઉલટ ભરેલું રેહછે, તે ઉપલા સબબને લીધેછે. આદમીઓમાં જે કોઇ (પોતાનાં) કાંમની અંદર વધારે ઉલટ ભરેલું હોએછે, તે તેના આત્માના (ઉપર જણાવેલા યજદી) સંબંધને લીધેછે; અને વલી યજદોની સાથના સંબંધથી કાંમ કરવાએ તે (આદમી) ખોદાએ-તાલાનો વધારે સંબંધ ધરાવનારૂં થાએછે. (દરેક આદમીએ) યજદોથી લાએક બનવાએ ખોદાએતાલાનો આભાર માનવો જોઇએ. વલી તેની અંદર કાંમ કરવા સારૂ યજદોની તરફથી પોંહચેલાં કઉઅતને લીધે, તથા બુરા (દેવ) ના સાયાથી (તેનો) સંભાલ કરવાને માટે ખોદાઇ નુરના પોંહચવાએ, (આદમી) ઘણું ઇમાંનદાર રેહછે. ભલી દીનની અંદર અહુરમજદના કલાંમથી જણાવેલુંછે કેઃ—"યજદી ખોરેહની બખશેશ તેને (યાને માણસને) ઉલટવાલું રાખનાર, તથા પેલા નોકસાંન કરનાર અને બુરા સાયાવાલા (એહરેમન) થી ઘણું દુર રાખનાર છે." ૨

તેથી જે કોઇ ઉદીઓગ વગર વધારે આલસુ રેહનાર છે, તે યજદોના સંબંધનું કાંમ કરવાથી દુર રેહનારો શખ્સ યજદાંની તરફથી મલેલી કઉઅત છતાં નહી કાંમ કરવાને લીધે ખચીત ખોદાએતાલાનો આભાર માનનારો નથી. એ વીશે ભલી દીનની અંદર અહુરમજદના કલાંમથી (વલી) જણાવેલુંછે કેઃ—"તેને (દેવના) બુરા સાયાથી આલસાઇવાલાં પાપની બખ્શેશ છે." એજ કારણ-સર જ્યાં તે દુકાલને પસંદ કરનારો આલસુ છે, ત્યાં તેને સારૂ અહુરમજદે અનાજ પેદા કરેલો નથી. ૩

—∞◇∞—

૧ (૧૩૩) દીનવાલાઓના કેહવાની સમજને દાનાઈથી કબુલ રાખવી, અને જેનો ભરમ તથા કારણ દાનાઈથી નહી જણાએ તેને નહી કબુલ રાખવા વીશે, ભલી દીનને લગતો ખોલાસો.

૨ જાંણવું કે, આદમીઓની અંદર ઇનસાફ કરનારી અક્કલ છે, તેથી જેમ એક નીઆધીસ તે (ઇનસાફ)ને લગતી ભેદ ભરેલી બાબતની ઉપર તેને લગતો ચુકાદો કરવા સારૂં, આબરૂદાર માણસની શાક્ષીને કબુલ રાખેછે, અને જે કાંઇ તેની દાનાઇમાં સાચું બોલવું જણાએછે તેને તે પસંદ કરેછે; તેમ ચુકાદો કરનારી અક્કલ (જે) ભેદ ભરેલી બાબત (યાને ગેબને લગતી સમજ) હયાતીને સારૂં મેલવવાજોગ છે, અને (જે) હયાતીને સારૂં મેલવવાજોગ નથી, તેને દીનને લગતી સમજથી કબુલ રાખેછે. જે (વસ્તુ) દાંનાઇની મારફતે ચહડતે દરજજેની અને સઘલી રીતે સાચવટ ભરેલી ૩ જણાએ, તે દાંનાઇને લગતી વસ્તુ છે; (તેથી) જે (વસ્તુ) દીનની દાંનાઇની મારફતે કંગાલ અને ખોટારાંવાલી જણાએ, તેના કલાંમ હયાતીને મારેના ૪ નથી. જેમ એક નીઆધીસની હજુરમાં એક જુદો શખ્સ બુરી સમજવાલી શાક્ષી આપેછે, તેનું શક ભરેલું બોલવું તે નીઆધીસને કબુલ કરવાજોગ નથી, તેમ અક્કલની હજુરમાં જે અન્ધકાર સમજ કેહવામાં આવેછે, તેને તે ચુકાદો કરનારી અક્કલ કબુલ રાખતી નથી.

૧ (૧૩૪) કરવાજોગ અને નહીં કરવાજોગ કાંમ વીશે, ભલી દીનને લગતો ખોલાસો.

૨ જાંણવું કે, સવાબ કરવાજોગ છે; અને ગુનાહ કરવાજોગ નથી. ૩ સવાબ બે તરેહના છે, એક સવાબ જાતી સવાબ તરીકે છે, જેવો કે ભલાઓને ખુશી રાખવાને લગતો. બીજો સવાબ મોહટો વીચાર (યાને મોહટાં મનને લગતો છે, જેવો કે ભલા લોકોનાં સુખને મારેના મોટા વીચારથી ૪ બુરી દીનવાલાઓને ખુશી રાખવાને લગતો. ગુનાહબી બે તરેહના છે, એક ગુનાહ જાતી ગુનાહ તરીકે છે, જેવો કે ભલાઓને દુખી રાખવાનો; અને

બીજો ગુનાહ ખરાબ વીચારને માટેનો છે, જેમ કે જે (બુરી દીનના) લોકો ભલાઓને સારૂ મોટો વીચાર રાખનારા હોએ કે ભલાઓ ખુશી રેહ, તેવા બુરી દીનવાલાઓને દુઃખી કરવાનો.

(૧૩૭) આત્માને લગતી બોધ શક્તિ (યાને બુદ્ધી) બદનની તપાસ અંદરથી અને બાહેરથી રાખેછે, તે વીશે ભલી દીનને લગતો ખોલાસો.

૧

જાંણવું કે, બદનની અંદર આત્માને લગતી બોધ શક્તિ છે, તે લોભના જોસ્સાથી તેને તપાસેલું રાખેછે. અને તે બોધ શક્તિ બદનની બાહેરથી છેક બદનની અંદર જે કાંઈ ખોરાક પોહચેછે, તે રોટી તથા ગોશ-તનો પ્રમાંણીક ખોરાક ખાવાની તથા કાએદાસર દારૂ પીવાની માણસને સમજ આપેછે. તેમજ બોધ શક્તિ નસા* તથા એહરનસા† બાહેરથી (અંજાણપણે) ખાવામાં આવે તેથી બદનને ઘણીજ સુગંધીવાલાં ફુલપાંણ સુગવાની ચેતવણી આપેછે; અને નસા તથા એહર (તે બોધ શક્તિ) અને તેને લગતી વધારે રીમની બદન સાથે આમેજ થાએ તેની (માંણસને) સમજ આપેછે. આત્માને લગતી બોધ શક્તિ, ભલા વીચારવાલી (બેહુમનની) શક્તિ જે બુદ્ધીનું મુલ છે, તેના બદનની અંદર રેહવાએ, બુરાં મનવાલા (અકોમન) ને તે (માણસ) ની ઉપર દોડવાથી તથા બુરાઈને પસંદ કરવાથી (તેને) જાલવેછે. તે (શખ્સ) નેકીથી સારી ચાલચલણવાલો છે, (એટલેજે દીનને લગતી હકુમતથી પોતાને ભલી ચાલચલણવાલો રાખેછે,) કે જે નેકીની હકુમત તલે હયાતી ભોગવેછે.

૨ ૩ ૪ ૫ ૬

---

* નસા—એ મુએલાં આદમી—સગ—અને બીજાં રોગ તથા મરણ ઉતપન કરનારાં જાનવરોના માસને કેહછે.

† એહરનસા—એ મુએલાં યા જીવતાં માણસના મુરદાલ બાલ—નખ—લોહી—પેશાબ અને ચરકીનને કેહછે.

१ ## (૧૩૫) પાદશાહોની સરવેથી સરસ ખુબી તથા સરવેથી સરસ બદી વીશે, ભલી દીનને લગતો ખોલાસો.

२ જાંણવું કે, ભલી દીનમાં જણાવેલુંછે કે પાદશાહોની સરવેથી સરસ ખુબી, સારા પ્રતાપે (યાને ખોદાઇ નુરની સાહેતાથી) દુનીઆંને સારી રીતે રાખવાએછે. અને (તેઓની) સરવેથી સરસ બદી, બુરા સાયાથી (યાને ૩ દેવોની સાહેતાથી) દુનીઆંને ઘણી ખરાબ રીતે રાખવાએછે. સારો પ્રતાપ આએ પ્રમાણેનો છે કે, તે યજદી પ્રતાપે કરી પેલો પાદશાહ દુનીઆંનાં લોકોનો સંભાલ તથા તેઓને ચલાવવું એક ઘેરધણીઆણીની માફક કરેછે, (એટલેજે જેમ એક ઓરત ઘરનાં લોકોને લગતો સઘલો કારોબાર સારી રીતે ૪ ચલાવેછે, તેમ તે પાદશાહ દુનીઆંના લોકોનો કારોબાર ચલાવેછે.) સારી રીતે રાખવું એ પ્રમાણે છે કે, દુનીઆંના લોકોને ઇનસાફ આપવાએ, તથા તેઓને સુખ આપવાએ, અને ફાએદો કરવાએ, તે સારી ચાલવાલો પાદશાહ દુનીઆંને સારી રીતે રાખી શકેછે.

૫ બુરો સાયો આએ પ્રકારનો છે કે, તે દેવના સાયાને લીધે એક પાદશાહ દુનીઆંના લોકોનો (ઘરની) ઓરતની માફક સંભાલ કરી શકતો નથી, પણ તેઓને તે એક ફીતનાખોર ઓરતની માફક ચલાવનાર છે.

૬ (રૈયતને) ખરાબ રીતે રાખવું, આએ રીતે છે કે તે બુરી ચાલચલણવાલો પાદશાહ દુનીઆંના લોકોને ઇનસાફ નહી આપવાથી અને તેઓને નોકસાંન તથા દુઃખ પોંહચાડવાએ ખરાબ રીતે રાખનારો છે.

१ ## (૧૩૭) આદમી (પોતાના) છુટકારાને સારૂ પેદા કરનારવું કરજદાર (યાને આભારી) છે, તે વીશે ભલી દીનને લગતો ખોલાસો.

२ જાંણવું કે, જેમ એક સ્તુતી કરવાજોગ (આદમી) બીજા શખ્સથી તેને મારેંની વખાંણ થવાએ તેનો ઉપકાર માંનેછે, તથા તેનો પાછો બદલો આપવાની ધારણા રાખેછે, અને હમેશાં તે બુજોર્ગ બદલાનાં પરીણામવાલા સ્તુતી કરનારને (તેનાં) કરેલાં કાંમનો બુજોરગ બદલો તેની

તરફથી (યાને જેની વખાણ થાએલીછે તેથી) મેલવવાએ સેવટનું કાંમ ગણેછે; તે પ્રમાણેની સરવેથી સરસ વખાણ કરવાજોગ પાક અને ભલા પેદા કરનારની ઇચ્છાછે. તેથી તે સાહેબ તેની તાબેદાર પેદાએશને તેની પોતાની પ્રસ્તેશ અને વખાંણ કરવાથી તેનાં કાંમનો બદલો આપનાર છે. વલી તે સાહેબે માણસને તે કામને માટેની (યાને ખોદાએતાલાની પ્રસ્તેશ અને વખાણ કરવાની) શક્તિથી લાએક બનાવેલુંછે, તે સબબથી તેને સારૂ (માણસે) કરેલાં કામનો બદલો આપવાની તેને જરૂરની ફરજ વીચારવી તથા બદલો આપવોછે. અને પોતાની તરફથી તે બદલો મેલવનારને તેનાં કરેલાં કામનો બદલો મલવાને કામના બદલા તરીકે ગણવા કહેલુંછે. કેટલેએક દરજજે હીયાંસુધી છે કે, કોઇબી કઉઅતદાર (યાને ખુબીવન્તાં) કાંમથી, બદલો આપનાર (દાદાર)થી માણસ ખાલી રેહનારૂં નથી. ૩

(૧૩૮) ભલી દીન તથા બુરી દીનને લગતો અસબાબ, તથા ભલી દીનવાલાની સરવેથી ઊતરતી, મદયમ અને સરવેથી ચહડતે દરજજેની પદવી, તથા (ભલી દીન અને બુરી દીન) એ દરએકના ટોલ વીશે, ભલી દીનને લગતો ખોલાસો. ૧

૨ જાંણવું કે, ભલી દીનને લગતો અસબાબ, આદમીની અંદર અહુરમજદની ઇચ્છા તથા ભલી દીનને માટેનો જાતી વીચાર હોવાને લીધેછે. અને તેને લગતો તોલ બેહુ દુનીઆંને લગતા રોશન વીચારવાલા તરીકા ઉપરથી થાઇ શકેછે.

૩ બુરી દીનને લગતો અસબાબ, આદમીની અંદર ભલી દીનને માટેનો જાતી વીચાર નાપસંદ હોવાને લીધેછે; અને તેની મીસાલ અન્ધકારને લગતી દીનના વીચાર અને બુરી અક્કલના તરીકાવાલાં અન્તકરણ ઉપરથી છે. ૪ બુરી દીનને લગતો અસબાબ દીનની હયાતીને નહી માનવાનો છે, અને તેને લગતો તોલ અન્તકરણને અહુરમજદના મારગથી બંધ કરવાએ તથા અહુરમજદની નસીહત વગર પોતાને રાખવાએછે. ૫ ભલી દીનની સરવેથી ઉતરતી પદવીવાલું (આદમી), અહુરમ-

જદની મરજીને લગતું ઘણુંજ થોડું વીચારનાર—ઘણુંજ થોડું સ્મરણ કરનાર અને ઘણુંજ થોડું કાંમ કરનારછે; અને ભલી દીનને લગતો
૬ તેનો તોલ સરવેથી ઉતરતાં અશો (આદમી) ને લગતો છે. ભલી દીનની મધ્યમ પદવીવાલું (આદમી), અહુરમજદની મરજીને લગતું મધ્યમ વીચારનાર—મધ્યમ સમરણ કરનાર અને મધ્યમ કાંમ કરનારછે; અને તેનો ભલી દીનને લગતો તોલ મધ્યમ અશો (આદમી) ને લગતો છે.
૭ ભલી દીનની સરવેથી સરસ પદવીવાલું (આદમી), અહુરમજદની મરજીને લગતું સરવેથી સરસ વીચાર કરનારૂં તથા સમરણ કરનારૂં અને કાંમ કરનારૂં છે. અને તેનો ભલી દીનને લગતો તોલ સરવેથી ઓત્તમ અશો (આદમી) ને લગતો છે.

૧ (૨૩૧) આત્માની ઈચ્છા યજદાંની તરફની હયાતીને પસંદ કરવાનીછે તે વીશે; તથા ખલકની હયાતીને આડે આવનારા તથા ખલકની આગમચના હરીફ વીશે, ભલી દીનને લગતો ખોલાસો.

૨ જાંણવું કે, આત્માની ઇચ્છા, ખોદાની તરફથી હયાતીને ચાહવાની અને બદનને યજદોની ખાલેસ દોસ્તી તથા કામ કરવાને માટેની ઇચ્છા આપવાનીછે. વલી તે ઇચ્છા આરાધના કરવાજોગ ફરોહરના સ્પીતમાંન જરતોશતે ખોદાની તરફથી માંગી હતી. યજદાંની ઇચ્છાવાલો આત્મા હમેશના સવાબે કરીછે. આત્માને યજદાંની તરફની ખુશી, ભલા વીચાર વાલી જાતી અક્કલના સંબંધથી છે. ભલી દીનને પસંદ કરનારૂં (આદમી) આત્માને સારૂ ભલી વસ્તુને પસંદ કરનારૂં છે; કારણકે જરતોશતનો આત્મા યજદાંનાં સંબંધવાલો તેથી થયો હતો. અને આએ દુનીઆંમાં તે ભલી દીનના વડા ધરમગુરૂ તરીકે જણાયો હતો. તથા તે (અશો જરતોશત) યજદી ખવાસથી યજદોને મલતું કાંમ કરનારા પાદશાહોને ખોરેહ તથા કીરતી આપનારો હતો; સબબ કે તે (પાદશાહ) ઓની ઇચ્છા (તેઓની) ઓલીંદની મારફતે ફશકેરેતને લગતો સુધારો કરવાની હતી.
૩ જે (પાદશાહ) દેવોની ઇચ્છાથી દેવ પ્રસ્તીની મારફતે દેવોનું કાંમ કરનારો છે, તે બુરા સાયાવાલો હાકમ છે. જે પ્રમાણેની ઇચ્છાને

પેદાએશનો ઘટારો કરનારા હાકમ ઝોહાકે પસંદ કરી હતી. દેવની ઇચ્છાવાલું (માણસ) હમેશના ગુનાહે કરીછે. આત્માને દેવોની તરફથી ખુશી, બુરાં મનવાલી ઉલટી અક્કલના સંબંધથી છે. જે કોઇ આત્માને સારૂ તે (બુરી દીન) ને પસંદ કરનાર છે, તે ઘણાં બુરાં સેવટવાલો છે. કારણકે પેલો ઝોહાક દેવોના સંબંધવાલો તે (બુરી દીન) થી થાયો હતો. અને તેનું ઘણુંજ બુરૂ સેવટ આવીઉં હતું. અને તે (દીન) ને લીધે, તે આએ દુનીઆંનાં લોકોમાં બુરી દીનના વડા ધરમગુરૂ તરીકે જણાયો હતો. અને તે પાપી દરૂજ (યાને અંગ્રમઇનીઉશ) ના ખવાસની (લોકોને) કેલવણી આપનારો તથા તેને મલતી ઇચ્છાનું કાંમ કરનારાઓને ઠગાઇથી ખલકની આબાદીની બખ્શેશ કરનારો હતો. અને તે (ઝોહાક) સેવટે હયાતીવાલાં (ઇનસાંન) ને પાછું દુઃખ દેનારોછે.* જે ધરમગુરૂઓ પછવાડેથી (લોકોને) દુઃખ દેનાર તરીકેના છે, તેઓ સેવટના છુટકારાના આગેવાંન કેમ હોએ? જેઓના મજહબને લગતા સખુનો છુપી બદીની તથા પાપી (અંગ્રમઇનીઉશ) ની કેલવણી આપનારા હોએ, તે મજહબને મારેના કેમ કેહવાએ? મારે તે સારા મજહબને લગતા તથા સારી હકુમતને લગતા કેહવાએ નહીં. ૪

---

* ઝોહાકને વીશે જણાવીઉંછે કે તે હયાતીવાલાં ઇનસાંનને પાછું દુઃખ દેનારોછે. તેનું જાણવું એ છે કે, જ્યારે પાદશાહ ફરેદુને ઝોહાકને મારી નાખવાનો એરાદો કીધો, ત્યારે અશો સરોશે તેને મના કીધો હતો, અને 'દેમાવન્દ' પાહડની અંદરના એક ખોહમાં તેને કેદ કરવાની ભલામણ કરી હતી. અને તેમ ફરેદુને તેને કેદ કરેઓ હતો. જે વીશે ફીરદોસી પોતાની શાહનામાની કેતાબમાં આએ પ્રમાણે લખી ગીઓછે:—

بدان گرزهٔ گاو سر دست برد — بزد بر سرش ترگ او کرد خورد

بیامد سروش خجسته دمان — مزن گفت و کورا نیامد زمان

همیدون شکسته ببندش چو سنگ — ببر تا دو کوه آیدت پیش تنگ

بکوه اندرون به بود بند اوی — نیاید برش خویش و پیوند اوی

જો કે પાક અવસ્તામાં ફરેદુને ઝોહાકને મારીનાંખીઓ એવું લખાણ આપણને મલેછે. પણ બુન્દેહશને—જંદે બેહમનયશત—પેહલવી જામાસ્પ નાંમેહ—અને આફરીને અરદાફરૂઅશમાં ફરેદુને ઝોહાકને 'દેમાવન્દ' પાહડનાં ઉંડાંનમાં બંધ કીધોછે, અને આખેરના વખતમાં તે બંદથી છુટશે, અને સેવટે પેહલવાન સાંમ તેને મારશે. એવું લખાણ આપણને મલેછે.

૧ (૧૯૦) આદમીને લગતો ટોલ (કેમ કરવો તે) વીશે ભલી દીનને લગતો ખોલાસો.

૨ જાંણવું કે, આદમીનો ટોલ (યાને તેને લગતી પીછાંણ) આએ (નીચે જણાવેલી) બે રીતથી ધ્યાંનમાં આવેછે. તેમાં એક અક્કલની કઉઅતવાલું, અને બીજું અક્કલની નબલાઇવાલું (આદમી) છે. ૩ અક્કલની કઉઅતવાલું (આદમી) દરએક ચીજનો સોક અક્કલથી કરનારૂં, અક્કલથી કાએદાસર ચાલનારૂં, અક્કલથી તપાસ રાખનારૂં, અને ૪ અક્કલથી (પોતાની) સલામતીને જોનારૂં છે. અક્કલની નબલાઇવાલું (આદમી), મતલબી એરાદાવાલું તથા મતલબી તરીકાથી ચાલનારૂં છે. અને મતલબી તરીકાથી ચાલનારૂં આદમી હયાતી જે રંગીન વસંતરૂતુના જેવીછે, તેને જોતું નથી. એટલેજે ચંદ્રને ખાંમીથી જોનારાઓને જેમ ચંદ્ર દેખાએછે, તેમ તેને તેઓ કબુલ રાખેછે, (તે પ્રમાણે અક્કલની નબલાઇવાલુ ૫ આદમી તેની ખાંમીને જોઇ શકતું નથી.) બુરા એરાદાવાલું (આદમી) એ પ્રમાણે પોતાની હયાતીને દાંનાઇથી જોયા વગર ખરાબ કરનારૂં તથા સારી સમજ વગરનું છે; અને તે પોતાની સવાદશક્તિથી મીથાં તથા કડવાંને પીછાંણતું નથી, તથા સાંભલવાની શક્તિ છતાં સાચાં અને જુઠાંને ઓલખતું નથી. ગરજાઉ લોકો ગરજને લીધે ખુશબોઇને બદબોઇ તરીકે, અને બદબોઇને ખુશબોઇ તરીકે, તથા મીથાંને કડવાં તરીકે, અને કડવાંને મીથાં તરીકે ગણેછે અને બોલેછે. અને એવાં નાપસંદ ૬ ઇમાંનવાલા લોકો (દુનીઆંમાં) ઘણા છે. ઘણા ધરમગુરૂઓ આએ પ્રમાણેનું કાંમ કરનારા છે; અને વલી બુરી સમજના સખુનોથી અનીતીને લગતો અને બીજી બદીને લગતો લોકોને શોક ઉતપન કરનારા છે. અને દરએક ઠેકાંણે (આદમીઓને) સમજવા છતાં, તે અનીતીવાલા ધરમને તેઓ ભલાઇનાં મુલનાં સંબંધવાલો તથા સઘલી દાંનાઇવાલાના સઘલી ભલાઇવાલા ધરમ તરીકે કેહનારા છે.

(૧૬૧) પેદાના કરનારની સ્તુતી અને બંદગી કરવા વીશે, ભલી દીનને લગતો ખોલાસો.

૧

૨ જાંણવું કે; પેદાનો કરનાર પોતે ખલકનાં લોકોને સઘલી ખુબીવાલી જીનદગી આપવાને લીધે, (લોકોની તરફથી) સ્તુતી અને બંદગી કરવાને લાએકનો છે. વલી દાદારની સ્તુતી કરવી એ, તે સાહેબ જે મીનોઇઆંન મીનો, સઘલી સમજ ધરાવનારો, સઘલી શક્તિવાલો, અને પુરી હકુમતવાલો છે, તેની સઘલી સાબેતીઓને લીધેછે. નીઆએશની અંદર (એટલેજે નેમાજની અંદર) દાદારની સરવેથી પેહલલાં વખાંણ કરવી. અને યજશને (યાને આરાધણા) ની અંદર તેની ખશનુમન (એટલેજે યાદ બીજા ઇજદ અમેશાસ્પંદોની) આગમચ કરવી; જેથી દાદારની તરફથી હયાતીવાલી પેદાએશને કઉઅત મલેછે. ખોદાએતાલાની સ્તુતી કેમ કરવી? દાંનાઇ, સચ્ચાઇ, અને સખાવતે કરી. સબબ કે તેથી દાદારને પુરતો મરતબો મલેછે. અને (તે બંદગી કરનાર) આદમીને તેનો બદલો મલેછે. એજ પ્રમાણે પોતાના પેદા કરનારની સ્તુતી, નીઆએશની અંદર સેવટે કરવી ઘટારત છે. તથા યજશનેની અંદર સેવટે તેની ખશનુમન પઢવી સજાવાર છે.* ખોદાએતાલાની આરાધણા—એ પેદાએશને તેનો સંબંધ આપવાના સબબ તરીકે તથા તેના સારા ગુણ, સવાબકારી, અને કઉઅતની બખ્શેશની ગવાહી તરીકે છે. તે (માંણસની) સ્તુતી—બંદગી અને આરાધણા, દાદારની સ્તુતી—બંદગી અને આરાધણા કરવા છતાં સેવટે તે દાદારને, તેમજ તેની પેદાએશને પોંહચતી નથી; કે જેની (સ્તુતી—બંદગી અને આરાધણા) દાદારની તરફથી ધીક્કારવાજોગ તથા તેની પેદાએશને દુઃખ દેવાજોગ હોએ. જે શખ્સ યજદની જગોએ દેવનાં નાંમની યાદ કરનારો હોએ, તે દાદારને મારેની નેક હયાતીવાલો અને તેની અસલ પેદાએશના સંબંધવાલો કેમ કેહવાએ?

૩ જે ધરમગુરૂઓ (ખોદાએતાલાની) બંદગી અને આરાધના કરનારા નથી, તેઓ એકથી બીજાને (ખોદાઇ) મજહબ વીશે શકમંદ કરનારા છે.

---

* એજ પ્રમાણે આપણી દરએક બંદગીમાં પ્રથમ અને સેવટે પેહલી યાદ અશો અહોરમજદની કરેઆમાં આવેલીછે, અને તે પછી તેના પેદા કરેલા યજદ અમેશાસ્પંદોને યાદ કરેઆમાં આવેલીછે.

જેઓનો મજહબ આદમીઓને ખોદાતાલાની બંદગીની સેહમંજ આપવા સારૂ (દુનીઆંની) શરૂઆંતથી મોકલેઆમાં આવેલો હોએ, તેજ ધરમ તરીકેછે. જે ધરમ એ પ્રમાણેનો નહી હોએ, તો તે (મજહબ) ઘણી તસદી—નોકસાંન અને એબને પસંદ કરવાવાલો છે. અને તેને લાવનારા, એહરેમન—દેવ અને દરૂજની તરફ (લોકોને) ફેરવવાને માટેના શખસોછે. અને તેવા મજહબથી દુનીઆં બેકરારીને લાએકની થાએછે. આબાદી વગરનો મજહબ, આદમીઓને દુનીઆંમાં મરતબો આપવાને તથા બખ્શેશ આપવાને માટેનો કેમ હોએ? જે આદમી ખોદાએતાલાની બંદગી અને પ્રસ્તેશ કરવાને લગતા મજહબવાલું હોએછે, તેને તે મહજબને લીધે યજદો પોતાની દાંનાઇની શક્તિવાલું કરેછે. અને તેથી તે (આદમી) ખોદાની બંદગી કરવાના મજહબની દાંનાઇવાલું જાહેર રીતે જણાએછે. આદમીને આબાદી અને સારી હાલત ખોદાએતાલાની ઘણી બંદગી કરવાને લીધેછે.*

---

* યજશનેના ૩૬ મા હાની અંદર પેગમબર અશો જરતોસ્ત દાદાર અહુરમજદની બંદગી કરતી વખતે નીચે જણાવેલો એકરાર કરેછે:—

"ઓ અહુરમજદ! હમો જે તારા કરજદાર બંદા છઇએ, તેથી હમો તું અહુરમજદના આતશની હજુરમાં તન અને મન (એ બેહુ) થી પોંહચીને, તારી ભલી (દીનની) દાંનાઇનાં કામો અને વચનોની મારફતે, તારે માટેના ભલા વીચારથી અને અદબથી હમો તુને નમીએ છઇએ. અને હમો તારા સઘલા સારા વીચાર—સારા વચન અને સારાં કામોની મારફતે તારી હજુરમાં પોંહચીને, નેક જાતોમાંની તારી જાતને અતરે યાદ કરીએ છેઇએ, કે જેથી આએ (હમારૂ) રવાંન, ચહડતે દરજજેનાં મકાંનોમાંનાં ઓરશેદ (પાયા) ને નામે કેહવાતાં બુલંદ મકાનવાલું થાએ."

[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]

(۲۴۲) આદમીઓની અંદરનાં દાંનાઈવાલાં, ઘણી દાંનાઈવાલાં અને અતિષ્ય દાંનાઈવાલાં માણસ વીશે, ભલી દીનને લગતો ખોલાસો.

જાંણવું કે, આદમીઓની અંદર દાંનાઇવાલું તે (આદમી) છે કે, જેના વીચારની અંદર આવેલાં પાપને, બોલવા અને કરવાથી તે પોતાને દુર રાખે. વધારે દાંનાઇવાલું (આદમી) તે છે કે, જેની ઇચ્છાની અંદર આવેલા ગુનાહને, વીચારની અંદર નહી લીએ. અને ઘણીજ દાંનાઇવાલું (આદમી) તે છે કે, જેની ઇચ્છાની અંદર ગુનાહ આવી શકે નહી તેવા તે ઉપાએ કરે.

(۲۴۳) આએ દુનીઆમાં આદમી તરીકે, દેવ તરીકે અને દેવઆદમી તરીકે જણાએલાં લોકો વીશે, ભલી દીનને લગતો ખોલાસો.

જાંણવું કે, ભલી દીનની સહમજ ઉપરથી, અગમ બુદ્ધીવાલા પાદશાહનું (યાને પેગમબર જરતોસ્તનું) કેહવુંછે કે, આએ દુનીઆંની અંદર આદમી તરીકે તથા આદમીની જાત તરીકે આએ તરણ તરેહનાં આદમીઓ ઘણી કઉઅતવાલાં જણાએલાંછે. જે આદમીની અંદર આએ (ઇઆને નીચે જણાવેલા) છ સારા ગુણો અક્કલ—સારો ખવાસ—શરમ—માયા—આભાર માનવો અને ઇમાનદારી હોએ તે માણસ તરીકેછે. જેનામાં આએ છ સારા ગુણો છે, તેને લીધે તે ઘણા ચહડતા દરજજાવાલું આદમી છે. અને ચહડતે દરજજેનાં આદમીની અંદર તે સરવેથી મોટા દરજજાવાલું છે. જે આદમી (ઉપલા ગુણોમાં) મધ્યમ દરજજાવાલું હોએ તે વચલે દરજજેનુંછે. અને જે આદમી (ઉપલા ગુણોમાં) સરવેથી ઉતરતા દરજજાવાલું હોએ તે સરવેથી પરત દરજજાનું આદમી છે. તે આદમીની જાત કે જેનામાં આએ છ ગુણોમાંનો કોઇ ગુણ નથી, તે આદમી લોકોને નોકસાંન કરનારૂં હોવાને લીધે આદમી તરીકે નથી. વલી જેનામાં આએ (ઉપલા) સારા ગુણોની સાંમણેના દુરગુણો ઉલટા વીચારવાલી અક્કલ—ઠગાઇ કરવાનો

ખવાસ—બેશરમી—જુઠી માયા—વગર આભાર માનવાના બદલાવાલી શક્તિ અને ઇમાંનદારીને દુર કરનારો વીશવાસઘાત ઇતીઆદી હોએ તો

૯ તેં બદકારીના દુરગુણોને લીધે તે આદમી દેવ છે. અને વલી જે આદમીની અંદર સારા ગુણો વગર બદીના સંબંધવાલા તરીકાના દુરગુણો હોએ, તે

૧૦ મરદુમ દેવ (ઇઆને દેવ આદમી) છે. આએ દુનીઆંની અંદર જવાંની પાક આદમીને લીધેછે. એટલાસારૂ બદકારીના સંબંધ વગરના તથા દેવના સંબંધ વગરના—ઘણા સારા ગુણવાલા શખસને (મજદીઅસનાલોએ) વખાંણવો અને તેને મોટાઇ આપવી. અને ઘણી એબવાલાને ધીક્કારવો અને તેને હલકો ગણવો. તથા સારા ગુણ વગરના (શખ્સ) ને સારા

૧૧ ગુણવાલાઓની અંદર મુતલક ચહડતે દરજ્જેનો ગણવો નહી. ભલી દીનની અંદર નસીહત કરેલીછે કે જે કોઇ એબની અંદર થોડી એબવાલો હોએ, તોપણ તેની સાથે નેક માણસે સંબંધ રાખવો નહી.

૧ (૧૬૯) લોકોને બીમારીથી આરાંમ કરવા વીશે, ભલી દીનને લગતો ખોલાસો.

૨ જાણવું કે, પુરતાં જોરવાલી દરએક બીમારીના સંબંધથી લોકોને આરાંમ કરવો, એ દુનીઆંને વગર બીમારીવાલી કરવાનો હયાતીને લગતો

૩ એલાજ જે ભલો મજહબ છે, તેથી છે. હમેશાં હયાતીવાલાં ઉતરતે દરજ્જેનાં લોકોને મોટા લોકોની તરફથી મોટાઇ—ભલાઇએ કરીછે. કારણકે દાંનાઇની મારફતે (માણસને) સુધારનારી (વસ્તુ) ભલાઇ છે—અને આત્માને લગતી દાંનાઇ એ ભલો મજહબ છે. માટે દુનીઆંની બીમારીનો જે ઉપાએ છે, તે ખલકનાં લોકોની અંદર ભલા મજહબનું પુરતું બલ ચાલુ રેહવાને લીધેછે. અને તેથી લોકોને બીમારીથી આરાંમ થવોછે.

૧ (૧૭૦) જે ખુબીવન્તો અને જે હલાકીવાલો (શખ્સ) છે તે વીશે, ભલી દીનને લગતો ખોલાસો.

૨ જાણવું કે, ભલી દીનને લગતી સમજ ઉપરથી દીનના પેશવાઓનું નેક (આદમી) ને વીશે (એમ) કેહવુંછે કે, જે શખ્સ હમેશાં ખુબીવન્તો છે,

તે તનદરૂસ્તીવાલો અને પોતાનાં બદન ઉપર શક્તિવાન છે. તથા તેનો ખોરાક વગર જેહમતનો અને વગર ઇજાનો છે. અને ઘરના લોકો સાથે તેને દોસ્તી હોએછે. અને તેની કીરતીનો વધારો થતો જાએછે. જે હમેશની ૩ નેકીવાલો છે, તે હમેશનાં સુખવાલો છે. જેનું રવાંન સલામતીવાલું છે, ૪ તેનું બદન સલામતીવાલું છે. જે દરૂજને બદનની અંદરથી બાહેર કાહ ૫ ડનારો છે, તે પોતાનાં શરીરની ઉપર શક્તિવાંન છે. જે શખ્સ જે કાંઇ મલેછે ૬ તે ઉપર રાજી રેહછે, તેનો ખોરાક વગર જેહમતનો અને વગર ઇજાનો છે. જે તેની સરદારી તલેના આતશ—પાંણી—ગોસ્પંદ અને આદમીને સારી ૭ રીતે રાખેછે, તે ઘરને લગતાંઓ સાથે દોસ્તીવાલો છે. જે ઉદ્દીઓગવાલો છે, ૮ તે કીરતીનો વધારો કરનારો છે. જે હમેશની હલાકીવાલો છે, તે હમેશાં ૯ હલાકી થનારો છે. તે આજારી બદનવાલો છે. તે પોતાનાં બદન ઉપર શક્તિવાંન નથી. તેનો ખોરાક મેહનતવાલો અને ઇજા પોંહચાડનારો છે. તે ઘરનાં લોકો સાથે વગર દોસ્તીવાલો છે. અને તે (પોતાની) કીરતીને મારનારો છે. જે હમેશની ધાસતીવાલો છે, તે હમેશની હલાકીવાલો છે. ૧૦ જેનું રવાંન બીમાર છે, તેનું તન બીમાર છે. જે દરૂજને પોતાનાં ૧૧-૧૨ બદનની અંદર ફાવેલો રાખનાર છે, તે પોતાનાં બદન ઉપર શક્તિવાંન નથી. જે શખ્સ મલે તે ઉપર રાજી રેહતો નથી, તે મેહનત ભરેલા ૧૩ અને ઇજા દેનાર ખોરાકવાલો છે. જે આતશ—પાંણી—ગોસ્પંદ અને ૧૪ આદમી જેઓ તેની સરદારીતલે હોએ તેને બુરી હાલતે રાખનારો છે, તે ઘરનાં રેહવાસીઓનો દોસ્ત નથી. અને જે વગર ઉદ્દીઓગવાલો છે, ૧૫ તે કીરતીને મારનારો છે.

(૧૯૧) દાદાર અહુરમજદની તરફથી આદમી ગુનાહના ૧ સબબવાલું તથા નોકસાંનવાલું બનેલું નથી; તે વીશે ભલી દીનને લગતો ખોલાસો.

જાંણવું કે, દાદાર અહુરમજદે પેદાએશને એક જાતથી પેદા કરેલીછે, ૨ અને આદમીને એક બાપથી જનમ આપેઓછે, તેનું કારણ એછે કે એક જાતના સબબને લીધે લોકો એક બીજાને પાલે—તેને સુધારે અને તેની મદદ કરે. અને આદમી એક માતાથી જનમ પાંમવાને

લીધે એક બીજાં (ઇનસાંન) ને પોતાનાં તરીકે ગણે. અને મેહરબાંન ભાઇઓની માફક એક બીજાની સાથે ખુબી કરે. અને એક બીજાથી હુલાફીને દુર કરે. જેથી માંણસની અંદર તાબેદારીના વીચારવાલી દાંનાઇ—અક્કલ—અને ચહડતે દરજ્જેના સારા ગુણો કરવા સારૂ, બેહમન—સફંદારમદ—સરોશ અને બીજા ઘણાએક યજદોને આદમીની અંદર પોંહચવું તથા મકાંન કરવુંછે. કે તેના સબબથી આદમીઓ દરએક ઠેકાંણે જાંહાંવેર સવાબની ઇચ્છા કરે—સવાબને વીચારે—સવાબને માટેનું બોલે અને સવાબનાં કાંમ કરે ત્યાંવેર તેથી તેઓ પુનનાં કાંમ કરનારા તથા પુનવન્તા થાઇ શકે. પણ જો તે લાએક માંણસ જેઆરે લોભ—બુરો હવસ—ગોસ્સો—અદેખાઇ—ચકુનમ—વેર અને બીજાં પાપ તથા ખોટારાંના વસીલાની દોસ્તી તથા મોહબતવાલું થાએછે, ત્યારે તે પાપી અને મોતને આગલ ચલાવનારૂં માંણસ, એક બીજાને હાંણી પોંહચાડવાને માટેનું તથા દુઃખ દેનારૂં બને છે. (દીનની રાહે) આદમીને થએલા ગુનાહનું નાંખી દેવું તથા તેથી આદમીને માફી બખ્શવી નથી; કારણકે જો આપણે કોઇને મારીએછઇએ તથા દુઃખ દઇએછઇએ તો ઇનસાફની રાહે તેના બદલામાં દીનનાં ફરમાનથી (હાકમ) આપણને મારેછે, અને દુઃખી કરેછે. અને તે વીસીનો માર તથા દુઃખ પાછું આપણા આત્માને પોંહોંચેછે. જેઆરે કોઇને મારવું અને બીજાં દુઃખ દેવા, એ પોતાને સારૂ છે, તથા વગર કારણે બીજાઓને મારવાથી અને દુઃખ દેવાથી ઇનસાફથી પાછી પોતાને (સજા થવાની) ધાસ્તી રેહછે. ત્યારે (માંણસે કોઇને) નહી ઇજા દેવાની તથા દુઃખ આપવાની આદત રાખીને (પોતાને) સુધારવું ઘટારત છે. આદમીની અંદર તેનું (બીજાને) મારવાનું અને દુઃખ દેવાનું કાંમ ગેરવાજબી છે. અને તેથીજ દીનની અંદર નસીહત કરેલીછે કે શેહરના હાકમે આદમીઓને સવાબ કરનારાં અને વગર મારામારીએ રેહનારાં કરવાં. આએ સબબને લીધે ધરમગુરૂઓની અંદર

૩ જે (ધરમગુરૂ) બેકાએદે મારવાનાં કાંમને ગુનાહના સબબ તરીકે જોનારો નથી, તે ગોયા લોભ—બુરો હવસ—ચકુનમ—વેર અને અદેખાઇને આદમીની અંદર કરવાને વાજબી ગણનારો છે. તે ધરમગુરૂના સખુનોનું કેહવું ગોયા દેખઇતું વાંધા ભરેલું અને ખોટારાંવાલું છે.

(૧૯૭) ખોદાએતાલાને લગતી સમજ, વસ્તુની હયાતીને લીધેછે; તે વીશે ભલી દીનને લગતો ખોલાસો. ૧

જાંણવું કે ખોદાએતાલાને લગતી સમજ, વસ્તુની હયાતીને લીધેછે, ૨
અને તે તરણ (વસ્તુથી) છે. એક દાંનાઇ. બીજું—ઇમાંન અને ૩
તરીજી—અજમાએશ, ઇત્યાદી.

એમાં દાંનાઇની જરૂર એટલા વાસતે છે, કે દુનીઆંની બનાવટ ઉપરથી ૪
દુનીઆંનો બનાવનાર છે તેને આપણ પીછાંણી શકીએ. બીજું—ઇમાંનની ૫
જરૂર એટલા વાસ્તે છે કે પરદાની અંદરના આત્માની ગવાહીથી
બેમાલુમ અને અનદીઠ સબબવાલી ખોદાની વસ્તુ ઉપર આપણ વીશવાસ
લાવીએ, તેમજ તેને લગતી જે શાખ્શી મલે તેને આપણ માનીએ.
તરીજું—અજમાએશની જરૂર એટલા વાસ્તે છે કે આજે શુરજને ૬
ઉંચે આવવાના સબબથી અને આવતી કાલે ખોરશેદને ઉપર આવવાનાં
કારણ ઉપરથી, ખોદાએતાલાની હયાતીના આગમચના સબબને આપણ
પીછાંણી શકીએ.

(૧૯૮) આદમીની આબાદ હાલત તથા વેરાંણ હાલત વીશે, ભલી દીનને લગતો ખોલાસો. ૧

જાંણવું કે, આદમીની આબાદ હાલતનું કારણ ભલી દાંનાઇનો ૨
કઉઅતદાર અભીઆસ છે. અને જે દાંનાઇવાલો (શખ્સ) અશોઇમાં ચહડતે ૩
દરજજે પોંહચેછે, તે (નેકીની) ચહડતે દરજજેની ઇચ્છાએ છે. અને જે ૪
(અશોઇમાં) મધ્યમ દરજજે પોંહચેછે, તે (અશોઇની) મધ્યમ ઇચ્છાએ છે.
અને જે (અશોઇમાં) ઉતરતે દરજજેનો હોએછે, તે ઉતરતે દરજજેની ૫
(અશોઇની) ઇચ્છાએ છે. જેનામાં અશોઇની દાંનાઇ મુલતક નથી, તે ગરો- ૬
થમાંનની અંદરની આબાદ બખશેશ વગરનો છે.

૧ (૧૬૧) દાંનાઈ અને બુરી બુદ્ધીની નીશાંની વીશે, ભલી દીનને લગતો ખોલાસો.

૨ જાંણવું કે, દાંનાઇની નીશાંની એ સુલેહ સંપજ—સાચી જબાંન—
૩ ખુશ મીજાજ—સારી દોસ્તી અને સખાવતથી છે. જેકોઇ આએ ખાલેસ
ખુબી સાથની પાંચ ખસલતવાલો છે તે દાંનાઇની ખાંન છે, અને તેથી તેને
દાંનાઇનો દરજજો ધરાવનારાઓમાં દાનાવ ગણવો. અને લોકોએ તેના
૪ દોસ્ત તથા સંબંધવાલા રેહવાની કુશેશ કરવી. બુરી બુદ્ધીની નીશાંની એ
કજીઓ કંકાશ—લથરતી જબાંની—ગમનો વીચાર—ભલાની દુશ્મની
૫ અને બખીલીથી છે. જે કોઇ આએ પાંચ ખવાસવાલો છે, તેને તેથી
બુરી બુદ્ધીના પ્રતાપવાલો ગણવો.– અને તેથી દુર તથા એલાએદું રેહવું.

૧ (૧૭૦) રોશની અને અંધારૂ તથા તે દરએકને લગતા તરીકા વીશે, ભલી દીનને લગતો ખોલાસો.

૨ જાંણવું કે, રોશની બે પ્રકારની છે. (તેમાં) એક બદનની આંખે
જોવાની રોશની છે. અને તે (રોશની) બદનની ખોલ્લી આંખે દેખાએછે.
અને બીજી રોશની આત્માની આંખે જોવાની છે. અને તે આત્માની
૩ ખોલ્લી આંખે દેખાએછે. અને તેને લગતી દરએક સમજને (માંણસની
અંદર) લેઇ જાનાર બેહમન (યાને ભલા વીચારવાલી શક્તિ) અને બીજા
ભલા નુરી યજદો છે. દાંનાઇને લગતી આંખને ખોલ્લી રાખવી આત્માની
આંખની કઉઅતે છે. આત્માઇ શક્તિ સારી શક્તિવાલી વસ્તુઓને
જોવા સારૂ છે. આએ દુનીઆંની શક્તિવાલી રોશની ચીજોને જોવા સારૂ
તથા તેજ આપવા સારૂ આંખને ખોલ્લી રાખનાર બદનની આંખની
૪ કઉઅતે છે. બદનની આંખની જોવાની શક્તિને પરદો કરનારો અંધાપો
બે તરેહની સમજથી પોંહચેછે. (તેમાં) એક આત્માવાલી આંખને સમ-
જવાથી બંધ કરનારી વસ્તુઓ જેવી કે બુરાં મનવાલી શક્તિ—લોભ—
ઉલટો વીચાર—ગોસ્સો અને અદેખાઇ અને તેને લગતી ઘણી બુરી
૫ દાંનાઇ છે. અને બીજું—બદનને લગતી આંખને જોવાથી બંધ કરનારી

જેકાંઇ વસ્તુ છે, તે એ છે કે, આત્માઇ શક્તિનું ખુબીવાલું રેહઠાંણ આએ દુનીઆંની શક્તિવાલી રોશન આંખની અંદર રેહતું નથી, તેથી બદનને લગતી આંખ જોવાથી બંધ પડેછે.

(૧૦૧) (માંણસને પોતાને) બેહશત (ને લગતાં કાંમ)થી પુરતી રીતે સુધારવાએ, તનપસીનનો ચહડતા દરજજો મેલવવો છે. અને આએ દુનીઆં તે બેહુને (લગતાં કાંમને) સારૂ છે; તે વીશે ભલી દીનને લગતો ખોલાસો.

૧

જાંણવું કે, (માંણસે) બેહશતની મોટાઇને સારૂ (પોતાને) સઘલી રીતે સુધારવું એ તનપસીનને સારૂ છે. જેમ વસંતરૂતુથી આએ દુનીઆંમાં પુરતાં સુખનું એકસરખી રીતે મલવુંછે, તેમ આએ બેહશતનાં મકાંનથી એક જાતવાલાઓ તનપસીનને સારૂ સુધરેલા બનશે. કારણકે દીનમાં જણાવેલુંછે કે, બેહશતને લગતાં જે રવાંનો છે તે (બેહશતની અંદર) વગર ઇજાની હીલચાલ કરનારાં છે, અને તે બેહશતી રવાંનો પોતાને હમેશાં તનપસીનને માટેનાં પુરતાં સુખને સારૂ સુધારનારાં છે. તેથી (બેહશત અને તનપસીન) એ બેહુને સારૂ (માંણસને પોતાને) પુરતી રીતે સુધારવાની જગો આએ દુનીઆંમાં છે. એટલા વાસતે કે બેહશત અને તનપસીનને માટેનું સઘલું સુખ એબ આપનાર (એહરેમન) ને તોડવાથી છે. અને દાદારની કઉઅતવાલી પેદાએશનું તે લડાઇ કરવાનું કામ આએ દુનીઆંનાં લડાઇનાં મેદાંનની અંદર છે.

૨

૩

જે ધરમગુરૂઓ બેહશત અને તનપસીનનો ધીક્કાર કરનારા છે, તેઓ આએ દુનીઆંમાં ધીક્કાર મેલવવાજોગ છે. ઘણાંજ પાપી આદમીઓને તનપસીનને સારૂ હમેશનાં દોજખની ચાલુ સજા થાશે. જેઓનો મજહબ બુરાં સેવટવાલો છે, તે ધરમનું કાંમ સુધારાના કાંમ તરીકેનું કેમ હોએ? તેમજ સુખ વગરનું ઘણું દુઃખ તથા સખતી ઉપજાવનારી પીડા આદમીના સારા ઉપાએવાલી તથા બેહશતને લગતી કેમ કેહવાએ?

૪

૧ (૧૦૨) વગર દુઃખવાલી જેહાંનમાં પોંહચવાના ઓત્તમ ઊપાએને જોવા વીશે, ભલી દીનને લગતો ખોલાસો.

૨ જાંણવું કે, પેલી વગર દુઃખવાલી (મીનોઇ) દુનીઆંમાં પોંહચવાના ઓત્તમ ઉપાએનું જણાવું, એ દુનીઆંને સલાંમતીવાલી આંખે દેખાડનારી મજદીઅસની દીનથી છે. (તે દીનની આંખે) દેખાતા દરૂજને બદનમાંથી બાહેર કાહડવો. કે તેથી (માંણસને) ચહડતે દરજજેનો, દેખઈતો સામાન ખરીદ કરવાને બની આવે.

૧ (૧૦૩) ડાહપણવાલું (આદમી)—દાંનાઈ અને દાંનાઈથી સમજ મેલવેલાં (આદમી) વીશે, ભલી દીનને લગતો ખોલાસો.

૨ જાંણવું કે, ડાહપણવાલું (આદમી) તે છે, કે જેમ (એક આદમી) બદનની શક્તિવાલી આંખે જોએછે, તેમ તે આત્માની શક્તિવાલી દાંનાઇથી
૩ જોતું હોએ. દાંનાઇ તે છે, કે જેમ એક આદમી જોતી આંખની શક્તિએ જોએછે, તેમ તે દાંનાઇનાં બલે કરી જોએ. એની મીસલ એ છે કે જેમ
૪ દોલતવાલાં (આદમીઓ) દોલતમંદોની દોલતથી દોલતમંદ થાએછે. દાંનાઇ વાલો તે છે, કે દાંનાઇવાલી શક્તિનું ભલું રેહઠાંણ જેનામાં હોએ, તે ગણેઆંણી (આદમી) બુદ્ધીના વસીલાથી સમજદાર રેહછે, અને હયાતી ભોગવનારૂં થાએછે. જેમ (માંણસની) આંખની જોવાની શક્તિનું ભલુ રેહઠાંણ તેની આંખની અંદર હોએછે, તો (તેથી તેની) આંખે દરએક વસતું દેખાએછે, બલકે (તે આંખ) હયાતી ભોગવેછે. તેમ ગણીઆંણી માંણસની અંદર દાંનાઇ (તેના) ખોરાક તરીકે છે, જેથી તેને સમજ મલેછે. અને જોનારને તેથી દેખાએછે. જે પ્રમાણે પીછાંણ કરનારની અંદર પીછાંણવાની શક્તિ છે. તથા મારનાર અને માર ખાધેલાની અંદર મારની સમજ છે, અને બીજા કાંમ કરનાર તથા કાંમ કીધેલાની અંદર કાંમની સમજ છે, તેમ દરએક ગણેઆંણી (માંણસ) તેને લગતાં ગણેઆંણનાં બલને લીધે દાંનાઇવાલું, અને જેનેથી જનમ લીધેલોછે તેના સંબંધવાલું છે. દાંનાઇવાલું (ઇનસાન) તેને મારેની કઉઅતને તેની દાંનાઇએ કરી

સમજી શકેછે. દાંનાઇ (યાને ગણેઆંણ) એ સમજ મેલવવાનો સબબ છે. અને સમજદારને તેથી સમજ મલેછે. ગણીઆંણી તરણ તરેહના છે. ૫ એક (તે કે) જે પોતાની દાંનાઇથી દાંનાઇવાલો છે. અને તેમ જણાએલો ૬ દાદાર અહુરમજદ (પોતે) છે. જેની દાંનાઇ—વગર હદના વખતવાલી અને બલની અંદર સરવેથી સરસ મરતબાવાલી છે. બીજો (તે કે) જે દાંનાઇની ૭ મારફતે પોતે દાંનાઇવાલો બનેલો હોએ. જેમ એક આત્મા પોતાની જીંદગીની મારફતે પોતે જીનદગીવાલો બનેલોછે. અને આતશ પોતાની ગરમીથી ગરમીવાલો બનેલોછે તેમ. અને તરીજો (તે કે) જે પોતાનાં ૮ ગણેઆંણ વગર (બીજાથી) ગણેઆંણવાલો બનેલો હોએ. જે પ્રમાંણે બદન આત્માને લગતી જીનદગીને લીધે જીવતું છે. અને જે લોહડું તથા લાકડું અને પથર છે, તે આતશની ગરમીથી ગરમીવાલો બનેછે તેમ. તેથી જે ૯ ધરમ દાંનાઇવાલા (અહુરમજદ) ને લગતો નથી, તેને દાનાઓ ધરમ કેહતા નથી. માટે ધરમગુરૂઓમાંના જે (ધરમગુરૂ) નો ધરમ સરવે શક્તિવાંનની શક્તિવાલો નથી, તે નથી હાકમની હકુમતને વાસ્તેનો, કે નથી દાદારની ખલકને માટેનો કેહવાતો; પણ તે ધરમ દાદારની દાંનાઇ—શક્તિ અને હકુમત વગરનો કેહવાએછે.

(૧૭૯) ફતેહમંદ દાંનેશમંદી (યાને ગણેઆંણ), અને દાંનાઇથી ફતેહ મેલવનાર થવા વીશે, ભલી દીનને લગતો ખોલાસો. ૧

જાંણવું કે, ફતેહમંદ દાનેશમંદી (યાને ફાવનારૂં ગણેઆંણ), એ ૨ ફતેહમંદ જાતો (યાને યજદ અમેશાસ્પંદો) ની મેહરબાંનગી ભરેલી મદદથી, તેમજ ચહડતે દરજજેની આદતવાલાં દીલના ચહડતે દરજજેના અંદેશાને (માંણસે) પોતાનાં બદનની અંદર લેઇ જવાથી છે. દાંનાઇથી ફતેહ મેલવ- ૩ નાર થવું, એ (માંણસે) હમેશાં સીખેલી દાંનાઇનો વધારો કરવાના સબબથી, તથા દીલમાં તેની યાદ રાખવાની ઉલટવાલી આદતથી જણાએલુંછે.

૧ ## (૧૦૦) સારી મતલબ અને બુરી ધારણા એ બંધેનું મુલ અને કઊઅત તથા (તેને) ફાએદો કરવો, એ અકકલની હયાતીએ છે; તે વીશે ભલી દીનને લગતો ખોલાસો.

૨ જાંણવું કે, સારી મતલબવાલું મુલ બેહમન (યાને ભલા વીચારવાલી મીનોઇ શક્તિ) છે. અને તેનું કઉઅત ઘણુંકરીને સારા ગુણોને
૩ જોવાનું (એટલેજે સારા ખવાસોને મેલવવાનું) છે. અને બુરી મતલબવાલું મુલ અકોમન (યાને બુરા વીચારવાલી ગેબી શક્તિ) છે. અને તેનું કઉઅત ઘણુંકરીને એબને જોવાનું (યાને દુરગુણોને મેલવવાનું) છે. અને સારા ગુણવાલી અક્કલની હયાતીએ કરી તે બેહુને ફાએદો કરવોછે.
૪ બુરી મતલબવાલાનું કાંમ બીજાઓની એબ શોધવાનું અને પોતાને વગર એબનો બતલાવવાનું છે. અને સારી મતલબવાલાનું કાંમ સારા ગુણને સોધવાનું અને પોતાને બીજાઓની માફકનો ગણવાનુંછે.

૧ ## (૧૦૧) આદમીની અંદર જનમ લેનારી મોટાઈ અને કઊઅત વીશે, ભલી દીનને લગતો ખોલાસો.

૨ જાંણવું કે, આદમીને લગતો દેખાવ (યાને તેનો ખવાસ) તરેહવાર
૩ રીતનો છે. (તેમાં) પેહલ્લો જનમ આપનારી માએના ખવાસનો તે હોએછે.
૪-૫ બીજો—તેને ઉધારનારના ખવાસનો હોએછે. તરીજો—જેઆરે કેલવણી આપનારા ઉસ્તાદની પાસે જાએછે ત્યારે તે કેલવણી આપનારના ખવાસનો
૬ બનેછે. ચોથો—તેની જવાનીના વખતમાં નબલા લોકોની ઉપર ઘણું
૭ જોરાવર અને ગાલેબ થવાના ખવાસવાલું તે રેહછે. અને સેવટે જનમ આપનારા બાપની આદત—સારો સવભાવ અને એબવાલું બનેલું તે જણાએછે.

(૧૦૭) આદમી વીચારવા, બોલવા અને કરવામાં આભાર માનવાની ફરજવાલું છે, તે વીશે ભલી દીનને લગતો ખોલાસો. ૧

જાંણવું કે, આદમી વીચારવા, બોલવા અને કરવામાં હમેશાં ૨ બનતી કુશેશથી નીચે જણાવેલા ચાર જણનો આભાર માંનવાની ફરજ-વાલું છે. પોતાના પેદા કરનાર તરીકે અહુરમજદનો, આએ દુનીઆંમાં ૩-૪ સંભાલ કરવાની બાબતમાં પાદશાહનો, અને પરવરસ કરવાની બાબતમાં ૫ માબાપનો, અને ચોથું આએ આભાર માનવાની સમજને સારૂ કેલવણી ૬ આપનાર ઉસ્તાદનો (આભાર માનવાની ફરજવાલું તે છે.)

(૧૦૮) દરએક આદમીની રવાંનને છુટકારો આપવાની શક્તિ વીશે, ભલી દીનને લગતો ખોલાસો. ૧

જાંણવું કે, (માંણસને) જે વસ્તુ ગુનાહવાલી દેખાએ, તેથી રવાંનને ૨ છુટકારો આપવાનો ચહડતે દરજ્જેનો ઉપાએ કરવો, તથા પોતાની જીનદગીને વગર ગુનાહવાલી તથા ચહડતે દરજ્જેની રાખવી; અને દાદારે તેઓને આપેલી જાતી અક્કલથી ભલી દીનની સમજે કરી ગુનાહના વીચાર સાથે એકમલતું થવું નહી; અને દરેક હુશીઆર આદમીએ જેમ બને તેમ ગુનાહના એરાદાથી પાછું રેહવું, અને સવાબના એરાદામાં આગલ વધવું. એ તરેહથી આએ દુનીઆંની કાયાવાલું આદમી હમેશાં ૩ રવાંનને છુટકારો આપનારૂં અને પોતાને શક્તિવાંન બનાવનારૂં છે.

(૧૦૯) મહીનાના પંચવાડીઆં વીશે, ભલી દીનને લગતો ખોલાસો. ૧

જાંણવું કે, દરએક મહીનાની અંદર ચંદરને લગતા મહીનાના ભાગ, ૨ દીનને લગતા મહીનાના ભાગ તરીકે, છ પંચવાડીઆંથી છે. તેમાંનાં ૩

તરણું (પંચવાડીઆં) માં એક 'અન્દરમાહ' નાંમનું (પંચવાડીઉં) છે, અને તે (મહીનાનું) પેહલ્લું (પંચવાડીઉં) છે. જેની શરૂઆત નવા ચંદર-
૪ માહના પેહલ્લા દીવસથી છે, અને પુરૂ થવું પાંચમે દીવસે છે. બીજું—'પૂરમાહ' નું (એક પંચવાડીઉં) છે, અને તેની શરૂઆત (ચંદરના) મહીનાની ૧૧ મી તારીખથી છે, અને આખર થવું પુનમને દાહડે છે.

૫ તરીજું—'વીસ્પેતથ' (નાંમનું એક પંચવાડીઉં) છે, અને તેની શરૂઆત (ચંદરના) મહીનાની ૨૧ મી તારીખે છે, અને પુરૂ થવું ૨૫ મી તારીખે છે. આએ તરણ પંચવાડીઆં શુભ પંચવાડીઆં તરીકે કેહવાએછે, અને તેમાં ઘણાંએક કાંમો (નીચે જણાવેલી) વીગતે પેહલ્લાં કરવા ફરમાવેલુંછે. (જેમકે) અનાજ—ભાજીપાલો—અને બીજાં જાહો રેપવાં; આદમીઓએ હમબીસ્તર થવું—ગોસપંદોએ તોખમ નાંખવાં અને આએ દુનીઆંને લગતાં દરએક નેક કાંમોની શરૂઆત કરવી; અને જે કાંઇ (નેક કાંમને મારેનો) ઉંચો ધંધો હોએ તે ઉપર ધેઆંન આપવું, તથા (ખોદાએતાલા—યજદ અમેશાસ્પંદો અને અશો ફરોહરોની) યજશને તથા મીઅજદ બાજ કરવી.*

૬ તરણ બીજાં પંચવાડીઆંનાં નાંમમાં—પેહલ્લું અંદરમાહની સાંમણેનું છે, અને તેની શરૂઆત (ચંદરના) મહીનાના છઠા દીવસથી છે,
૭ અને સેવટ દસમે દીવસે થાએછે. બીજું (પંચવાડીઉં) પુરમાહની સાંમણેનું છે, અને તેની શરૂઆત (ચંદરના) મહીનાની શરૂઆતના
૮ ૧૬ મા દીવસથી છે, અને તેનું પુરૂં થવું ૨૦ મે દીવસે છે. તરીજું (પંચવાડીઉં) વીસ્પેતથની સાંમણેનું છે, અને તેની શરૂઆત (ચંદરના) મહીનાની શરૂઆતના ૨૬ મા દીવસથી છે અને પુરૂં થવું ૩૦ મે
૯ દીવસે છે. એજ પ્રમાંણે બીજા મહીનાનું ચાલુ કાંમ છે. વલી આએ તરણ આંતરેનાં (પંચવાડીઆં) નો વખત ઉતરતે દરજજેનો છે, તેથી આએ તરણ વીગતે જણાવેલાં પંચવાડીઆંમાં શેહરને મારેનાં કાંમો નહી કરવાં, અને બને એટલાં સવાબનાં કામો તે વખતમાં કરવાં; અને સવાબના કાંમો કરવામાં તેનો એક પલબી ખોવો નહી. તેમજ ઉલટા તરીકાવાલા-ગુનાહે કર્દ્દ મીનોને (યાને આવતી દુનીઆંને) લગતા વખતને દુઃખકારક બનાવવો નહી.

---

* માહ નીઆએશના પાક અવસ્તામાં ઉપલાં તરણ પંચવાડીઆંને નેક ગણીને તેની યાદ કરીઆમાં આવેલીછે.

વલી પેલાં પેહલ્લાં તરણ પંચવાડીઆં, તેને માટેનાં વીગતવાર કાંમો કરવા સારૂ પસંદ કરીઆમાં આવેલાંછે. તથા જેકાંઇ કામો તેમાં કરવાની મનાઇ કરેલીછે. તેમ તે વખતમાં તે કાંમ યાદ રાખીને તથા ઘટતા વખત તરીકેનું ગણીને કરવું. અને જે દીવસ તે સઘલાં કાંમ તથા વીચારને માટે ચહડતે દરજજેનો કહેલો હોએ, તે દીવસે (તે કામો) ચાલુ કરવાની ઉલટ રાખવી. અને જે કાંઇ ખલકનાં લોકોને લાએકનાં કાંમો, જેને ભલી દીનના આગેવાંન દસ્તુરોએ મજહબને લગતાં ગણેલાં હોએ, તેને કોઇબી રીતે હરગેજ અટકાવવાં નહી. ૧૦ ૧૧

(૨૫•) યજદોના ખવાસવાલાં આદમીની જાત વીશે, તથા દેવની મીસાલનાં આદમીની જાત વીશે, ભલી દીનને લગતો ખોલાસો. ૧

જાંણવું કે, યજદોના જેવી સ્વચ્છ ખાસીઅતથી માંણસની જીનદગી તથા તનદરૂસતીનો અને (તેનો પોતાનો) બંચાવ થાએછે. અને (માંણસે આવતી દુનીઆંના) ફાએદાને સારૂ પોતાને (આએ દુનીઆંમાં) ચલાવવાએ (પોતાનાં) રવાંનના સંભાલને માટે હમેશાની (યજદોની) મદદ તથા ખશનુદીનું મેલવવુંછે. અને દરૂજની અસર (તેની અંદર) નહી પોંહચવાથી (યાને દેવોના ખવાસનો તેનામાં સંબંધ નહી હોવાથી) તેની નેક ઇચ્છાનું રદ જાવું નથી. અને તેના સાચા ઉપરીઓ (યાને મવક્કલ યજદો) ને લીધે તેને સાચો ઉદીઓગ કરવો તથા સેવટે (રવાંનને દોજખથી) છુટકારો આપવોછે. આએ પ્રકારનું યજદોના ખવાસવાલું આદમી બુરા (અંધ્રમઇનીઉશ) ની દાંનાઇ વગરનું છે. બુરા (અઘ્રમઇનીઉશ) ના સંબંધ વગરનું આદમી પોતાનાં સુખવાલું અને તે બુરા (અંધ્રમઇનીઉશ) ને સંકટ આપનારૂં છે. અને પોતાનાં સુખ વગરનું (આદમી) બુરા (અંધ્રમઇનીઉશ) ને સુખવાલી ખુશી અને કઉઅત આપનારૂં છે. તથા (પોતાની) ખુશીની ઇચ્છાવાલું (આદમી) કીરતીને વધારનારૂં અને તેથી પોતાનાં સુખને ચાલુ રાખનારૂંછે. ૨ ૩

દેવની મીસાલનું (આદમી)—અહુરમજદની પેદાએશની દુશમનીને લીધે આદમીનાં જાંનદાર બદનને જખમી કરવાથી—દુઃખ દેવાથી અને મારી નાખવાથી છે; તથા રવાંનને ઠગવાથી—પાપી બનાવવાથી અને ૪

દોજખનું કેદી કરવાથી છે. વલી (તેના બદલામાં) તે કાએદાને તોડનારા દેવની માફકનાં આદમીનાં બદનને દોજખમાં બંદીવાંન કરવું તથા દુખદેવું છે. અને દોજખીઓનાં મકાંનમાં તેને ઘસડીને લેઇ જવું તથા ત્યાં અશોના કીનામાં તેને કતલ કરવું—તથા તેનાં તનની ઉપર નસુશ (દરૂજ) ના પોંહચવાએ (તેનાં શરીરને) નાસવંતું બનવું—સરી જવું અને બદબોઇવાલું થવુંછે.

૫ વલી તે પાપીનાં રવાંનને દોજખની અંદર બુરી દીનવાલાની આગલ ઘસડી લઇ જાવુંછે, અને ત્યાં તેને હમેશાં ફરીઆદ કરવી અને દુઃખ ખમવુંછે; અને તેણે કરેલાં દેવનાં કાંમથી તેને હીન થવુંછે. આએ પ્રમાંણેનાં દેવની મીસાલની જાતવાલાં આદમીના આત્માની સંકટથી તેને લગતી બુરી દીનવાલા (અંગ્રમઇનીઉશ) ને સુખ છે. અને તે બુરી દીનવાલાંની દોસ્તીમાં તે (દેવઅવતારી માંણસ) ને (દોજખમાં) ઇજા ભોગવવી તેની આસપાસના દુખકારક બદનવાલાં ખરફસતરોએ તેને ખાવાથી છે. (સેવટે) તે દોજખી આદમીનો છુટકારો થવાથી, તથા તે સુખવાલાને સુખ મલવાથી, હલાકીની ઇચ્છાવાલા (અંગ્રમઇનીઉશ) ને હમેશની અદેખાઇ કરવીછે. અને તે ઉલટી ચાલચલણવાલાને દોજખથી છુટકારો મેલવવાનો કોઇ ઉપાએ નથી. બુરી દીનવાલાને આત્માનાં સુખને સારૂ સંકટ છે. અને બુરી દીનવાલા (અંગ્રમઇનીઉશ) ને વગર દયા લાવવે તથા ધીક્કાર સાથે (આખેરશ) કેદ રેહવું તેની સંગત કરનારે તેથી દુર રેહવાએછે.

---

૧ (૨૫૧) સંઘલાઓના માલેક તરીકે લાએકનો કોણ છે? તથા કોઈનાબી માલેક તરીકે લાએકનો કોણ નથી? તથા હયાતીના માલેક તરીકે લાએકનો કોણ છે? અને હયાતીવાલો કોણ નથી? તે વીશે ભલી દીનને લગતો ખોલાસો.

---

૨ જાંણવું કે, જે ઇનસાફવાલો છે, તે સરવેના માલેક તરીકે લાએકનો છે.
૩ અને જે વગર ઇનસાફવાલો છે, તે કોઇનાબી માલેક તરીકે લાએકનો
૪-૫ નથી. અને જે હયાતીવાલો છે, તે લાએક સરદાર તરીકે છે. જે હયાતી-વાલો નથી, તે જે આબાદીવાલો તથા જે પેહલ્લા દરજાવાલો છે, તેની માફકનો કેમ હોએ?

(૧૫૧) શેહર અને આદમીને સુધારવાની મુખ્ય બાબદો વીશે ભલી દીનને લગતો ખોલાસો.

જાંણવું કે, દીનની સમજથી શેહર અને આદમીનો સુધારો થાએછે; અને તે ઘણુંકરીને સાચું બોલવાથી છે. અને તેથી આએ (નીચે લખી જણાવેલી) ચેઆર સચાઈનું મલવુંછે. અને તે (સચાઈ) થી લાએક પુરૂષનાં ઉપરીપણાંએ શેહર અને આદમીને માટેનો સુધારો થાએછે. પેહલ્લું— જયાંસુધી તે ઉપરીની અંદર સાચી ઇચ્છા છે, ત્યાંસુધી તેની અંદર શેહરના સુધારાને લગતું યજદી બોરેહ રેહછે. બીજું—જયાંસુધી તે (ઉપરી) નાં દીલની અંદર સાચુ બોલવાને માટેની તર્ક શક્તિ હોએછે, ત્યાંસુધી તે સાચુ બોલવાનો ઉલટ રાખનારોછે. તરીજું—જયાંસુધી તે સાચુ બોલનારનું બોલવું નેક પેદાએશ (યાને યજદ અમેશાસ્પંદો) નીં દાંનાઈ સાથનું છે, ત્યાંસુધી સચાઈને બુજોરગી મલેછે. ચોથું—જયાંસુધી તે (ઉપરી) માં આદમીઓની અંદરનાં સાચાં આદમીનાં બોલવાને કબુલ કરવુંછે, ત્યાંસુધી તેનું દરએક કાંમ ખુશી સાથનું છે. અને જે સાચું બોલનારોછે, તેનાથી શેહર અને આદમીનો સુધારો થઇ શકેછે.

(૧૫૨) દુનીઆંનું બદન—તે બદનની મેલવણી—બદનનાં તત્વો—અને તેનાં રવાંનને જેબદાર કરનારી તથા ફાએદાવાલું બનાવનારી કહી વસ્તુ અને કીહું મુલ છે? અને તેને હાંણી પોંહચાડનારી—નોકસાંન કરનારી શું ચીજ અને કીહું મુલ છે? તથા શાથી તેને આરાસ્તગી—ફાએદા—હાંણી—અને નોકસાંન છે? તે વીશે ભલી દીનને લગતો ખોલાસો.

જાંણવું કે, દુનીઆંની કાયા આતશ—પાણી—જમીન—ધાતુ—જાડપાંણ—ગોસ્પંદ અને આદમીથી છે. જેમ આદમીનું બદન ગદુદ—નસ—ધોરી નસ—હાડકાં—પેટ—અને બાલથી છે તેમ. દુનીઆંનાં બદનની બનાવટ આતશ—પવન—તરાવત—અને મીટી ઇત્યાદી તત્વોથી છે. જેમ આદમીનાં બદનના તત્વો—પવન—લોહી—ગરમી—અને

બદનની મીટીના સંબંધથી છે તેમ. દુનીઆંનાં તત્વોને પ્રમાણીક બનાવરે ચલાવનાર અને (તેઓ પાસે) કાંમ કરાવનાર આતશ અને પવનનો જોસ્સો (યાને હીલચાલ) છે. વલી તેના સંબંધથી આદમીનાં બદનનાં તત્વોને જોડાએલાં રાખનારૂ તથા તેઓ પાસે કાંમ કરાવનારૂં ફરોહર (પોતાનાં કાંમમાં) ફતેહ મેલવનારૂંછે. આત્માને લગતા સ્વાસ (યાને દમ) ના સંબંધે કરી દુનીઆં હયાતી ભોગવનારીછે. આત્માને મદદ કરનારૂં ચહડતે દરજજેનું કાંમ હવાને લીધેછે. લોકો આવાજની મારફતે વાતચીત કરેછે, તે વાયુ અને ગેબી સમજને લીધેછે. આત્માને લગતો સ્વાસ (દુનીઆંને) ચલાવનારો સબબ કેહવાએછે. આદમીનું બદન જીનદગીવાલું આતશના સબબથી છે. અને દુનીઆંને ચલાવનારો પવન હયાતીવાલા આત્માને લીધેછે. અને રવાંન (પોતાનાં કાંમમાં) ફતેહ મેલવનારૂં લાએક ખોરેહના સબબથી છે. દુનીઆંની અંદર જે દુઃખભનજણુ નાંમવાલું (આદમી) કેહવાએછે, તે આસમાંની દોરથી છે.
૫ જેમ આદમીનાં બદનને ચલાવનારૂં બુધ્ધીવાલું રવાંન છે, તેમ દુનીઆંને ચલાવનારા તથા (તેને) ફાએદો કરનારા ખોરેહમંદ ચાલવાલા મીનો યજદો (યાને શુભ સેતારાઓ) છે. વલી આદમી પોતાને જોબદાર બનાવનારૂં તથા ફાએદો કરનારૂં અન્તકરણની અંદર બેહમન (યાને ભલા વીચાર=
૬ વાલી શક્તિ) નાં રેહઠાંણે કરીછે. દુનીઆંની હયાતીને ખરાબ કરનાર અને નોકસાંન પોંહચાડનાર નીચ ખોરેહની ચાલવાલા મીનોઓ (યાને દેવ—દરૂજોના પ્રતાપવાલા નીચ ગરેહઓ) છે. જેઓ દુનીઆંમાં ઘાતનું કાંમ કરવા સારૂ દોડનારાછે, તેઓ અવાખતરના દદાનીની* મીસાલના કેહવાએછે. આદમી જે કાંઇ ખરાબી કરનારૂ અને નોકસાન પોંહચા-ડનારૂં છે, તે તેનાં દેલની અંદર રાહમારૂ અકોમન (યાને બુરાં મનવાલી
૭ શક્તિ) નો વીચાર હોવાથી છે. દુનીઆંને જોબ તથા ફાએદો પ્રમાંણીક-પણાંને જનમ આપનારી બગી (યાને ખેતીવાડીને લગતી સમજ)† થી છે. અને તેની જીનદગી—સલામતી—ઇમાંનદારી—બંદગી—અને ચહડતો દરજજો એ દાંનાઇનાં પુખ્તપણાંને લીધેછે. વલી માણસને બેહમનને લગતી

---

* જુઓ [illegible] દદાની—લોગતનો ખોલાસો 'દીનકર્દ' કેતાબનાં પેહલાં દફતરને સફે ૨૦ મે ફકરો ૯ મો.

† જુઓ [illegible] બગી—લોગતનો ખોલાસો 'દીનકર્દ' કેતાબનાં પેહલાં દફ-તરને સફે ૨૦ મે ફકરો ૮ મો.

(યાને ભલા વીચારવાલી) દાંનાઇથી આરાસતગી—ફાએદો—સવાબ—નેકનામી અને અશોઇ છે. દુનીઆંની હયાતીને ખરાબી તથા નોકસાંન ૮ અનીતીવાન અને એબવન્તા દદાંની (યાને ખોરાકીને લગતી તંગી આપનાર) થી છે., વલી આદમીને નાશકારક તથા જીઆંગાર બુરા વીચારવાલી બુરી બુદ્ધીથી બીમારી—મોત—અપકીરતી—કોહાટ—બદબોઇ અને અફસોસ છે. અને (માંણસને) પાપીપણું તથા બદનામી ગુનાહુને લીધેછે. દુનીઆંનાં આદમીઓને સીનગાર તથા ફાએદો દુનીઆંનાં મુલ ૯ દાદારની તરફનાં સુખથી છે. અને આદમીને મોટાઇ દુનીઆંને કાએદાસર રાખનારી દીનની નસીહતથી છે. દુનીઆંની જાતને ઉલટી જાતવાલા ૧૦ એબ આપનાર એહરેમનની દીનની અસરવાલી પેદાએશથી સુધરવું નથી, પણ આદમીને તેથી નોકસાંની અને ખરાબી છે. એ ઉપરથી દેખાઇતુંછે ૧૧ કે, દાદારની તરફથી ફરાગત અને મોટાઇ મલવાને લીધે દુનીઆંના લોકોની હયાતીને પોતાની એક મલતી સુધારાવાલી જાતથી (યાને મીનો યજદોના સંબંધથી) ખરાબી નથી. માટે દુનીઆંનાં આદમીઓ પાક વીચારને લીધે (એટલે જે દીનનાં ફરમાંન મુજબ ચાલવાથી) કાએદાસરનાં છે. તેથી દુનીઆંનાં આદમીઓને ખરાબ હયાતીવાલાં કેહવાનું કારણ વાજબી નથી. જે ધરમગુરૂઓનું અન્તકરણ હલાકીવાલાં મુલને લગતું છે, તેઓની ૧૨ દીન હલાકીવાલાં મુલનાં ઉપરીપણાંને લીધે નેસ્તીને લગતી છે. જે ધરમગુરૂઓનું અન્તકરણ નેકીનાં મુલવાલું (યાને સ્પેન્તોમઇનીઉશને લગતું) છે, તે મુલના સંબંધથી, તેઓ સઘલા હલાક કરનારાઓમાં વધારે હલાક કરનારાઓ ઉપર તથા સઘલા બુરાઇ કરનારાઓમાં વધારે બુરા કરનારાઓ ઉપર ચહડતો દરજ્જો ભોગવનારા (યાને તેઓને હાંણી પોંહચાડનારા) કેહવાએછે.

(૧૫૯) આગમચથી ઊપાએ કરનારો તથા ઊપાએનો સરદાર કોણ છે? જે વીશે અહુરમજદે સ્પેનામીનોની પેદાએશને સુધારનારી દીનની અંદર જણાવેલું છે, તે વીશે ભલી દીનને લગતો ખોલાસો. ૧

આગમચથી ઉપાએ કરનારો કોણ છે? તે વીશે જાણવું કે જે કોઇ ૨ દાદારનાં ફતેહમંદ મુલનો (યાને સ્પેન્તોમઇનીઉશનો) સાથી છે, તે છે,

૩ અને જે (શખ્સ) તેને લગતી સઘલી વસ્તુને માટેનો લાએક ઉપાએ કરનારોછે, તે પેલાં દરએક ઉપાએને માટેનાં સઘલી સમજવાલાં મુલ (સ્પન્તોમઇનીઉશ) ના સંબંધને લીધેછે. હયાતીવાલું ઇનસાન સઘલા
૪ ઉપાએવાલું પુરતી સમજે કરી થાઇ શકેછે. ઉપાએનો સરદાર કોણ છે? જે (દાદાર) હમેશાં તેને માટેનાં ઉપાએ વગરનોછે તે છે. કારણકે તે અતીઅન્ત ચહડતે દરજજેનાં ઉપાએનાં કાંમે કરી સઘલી સમજ સાથની હયાતીવાલો છે. તથા બેહુ દુનીઆંને લગતી સમજે કરી ઉપાએનાં ઉપરી તરીકેનો તથા કાંમના ઉપરી તરીકેનો છે.

૧ (૧૫૦) ઈમાંનદાર (માંણસ) થી લોકોને દીનને લગતો ફાએદો છે, અને દોજખની ધાસ્તીવાલાં આદમીથી લોકોને નોકસાંન છે, તે વીશે ભલી દીનને લગતો ખોલાસો.

૨ જાંણવું કે, જે પાદશાહ બાપેદાદે ઘણોજ ઇમાંનદાર હોએછે, તે લોકોને દીનને લગતો ફાએદો કરનારો છે. અને તે ખોદાની તાબેદારીની ઇચ્છાવાલો—દાંનેશમંદ—અને દીનનું સમરણ કરનારો પાદશાહ પોતે, તેની દીનનો વધારો કરનાર અને અશોઇને પ્રકાશ આપનારા હાકમ તરીકે છે; કારણકે તે ખોદાના તાબેદાર—દાંનેશમંદ દીનનું સમરણ કરનારા હાકમને હકુમતે પોંહચવાથી તે દીનનો વધારો કરનાર અને અશોઇને પ્રકાશ આપનારા પાદશાહની પોતાની હકુમત અને દીનને (ખોદાની તરફથી) હીમત અને ફતેહ મલેછે. અને દુનીઆંનાં આદમીઓનો (તે દીનથી) સંભાલ—સુધારો અને આરાસ્તગીનો વધારો થાએછે.

૩ જે પાદશાહ બાપેદાદે દોજખની ઘણી ધાસ્તીવાલો હોએછે, તે દુનીઆંના લોકોને નોકસાંન કરનારો છે. અને તે હાંણી પોંહચાડનારા વીચારવાલો—ઇનસાફીની બદીવાલો અને દીનનાં સમરણ વગર પોતાનાં અન્તકરણને સુસ્ત કરનારો ઠગારો (પાદશાહ) પોતે દીનની ખરાબી કરનારો અને નેકીને કજલાટ આપનારો છે. અને તે (પાદશાહ) દુનીઆંનાં

આદમીઓનો સંભાલ કરવો તેની હકુમત અને દીનની નબલાઇ—ઉલટાપણું અને નોકસાનીથી છોડી દીએછે. તેથી (દુનીઆંમાં) ઘટારો—નબલાઇ અને અન્ધાપો થાએછે.

(૫૫૫) આદમીને સુધારવાની અને વધારવાની, તથા તેને ઘટારવાની અને પસ્ત દરજજેનું બનાવવાની, તેની શક્તિવાલી નજર (યાને આંખ) વીશે, તથા એ તરેહના દરએક આદમીની સમજ વીશે, ભલી દીનને લગતો ખોલાસો. ૧

જાંણવું કે, આદમીએ પોતાની તપાસ કરવી જાતી અક્કલમંદીથી છે. ૨ જાતી અક્કલ પોતે આત્માની આંખે જોવાની શક્તિ છે. આદમીએ (પોતાને) સુધારવું અન્તકરણની અંદર બેહુમન (ઇઆને ભલાં મનવાલી શક્તિ) ને રાખવાએછે, અને (પોતાને) ચહડતે દરજજેનું બનાવવું (પોતાની અંદર) દીનની દાંનાઇને લેઇજવાથી છે. અને તેમજ તેનો ઘટારો દીનની દાંનાઇને (અન્તકરણ) ની અંદર નહી લેઇજવાથી છે, તથા તેની ખરાબી જાલમ અકોમન (યાને બુરાં મનવાલી) શક્તિને દીલમાં ઉતરવાથી છે. એને લગતાં પાંચ તરેહનાં કારણ તેને લગતાં પ્રાકરણમાં જણાવેલાંછે. પેહલ્લું—સઘલી ૩ ખોલ્લી આંખે જોવાનું. બીજું—વધારે ખોલ્લી આંખે જોવાનું. તરીજું— ૪-૫ અરધી ખોલ્લી આંખે જોવાનું. ચોથું—ઘણી બંધ કરેલી આંખે જોવાનું. ૬ અને પાંચમું—સઘલી બંધ કરેલી આંખે જોવાનું. સઘલી ખુલ્લી આંખે ૭-૮ જોવું, એ બેહુમનને (યાને ભલા વીચારવાલી શક્તિને) અન્તકરણની અંદર પુરતી રીતે રાખવાએ, તથા અન્તકરણની અંદરથી બુરા વીચાર-વાલી શક્તિને (યાને અકોમનને) દુઃખ દેવાએછે. આએ દીનની દાંનાઇને (અન્તકરણની) અંદર લેઇજવા વીશેનો પેહલ્લો દરજ્જો છે. અને તે ગેબી અગમ બુદ્ધી જોવાનો સબબ છે. વધારે ખોલ્લી આંખે જોવું, એ ૯ અન્તકરણની અંદર બેહુમનની ખોરેહને (યાને ભલા વીચારવાલી શક્તિના પ્રતાપને) રાખવાએ, અને અકોમન (યાને બુરાં મનવાલી શક્તિ) ના અન્ધાપાને અન્તકરણના વીચારમાંથી નાંખી દેવાથી છે. આએ ૧૦

દદાંની*ને લગતા પેશાને પીછાંણવાનો અને પોતાનો દરજજો વધારવાનો
૧૧ સબબ છે. અરધી ખોલ્લી આંખે જોવું, એ અન્તકરણની અંદર બેહુમન
૧૨ (યાને ભલા વીચારવાલી શક્તિ) ની ઝાંખી રોશની રાખવાએછે. દીલના વીચારની અંદર અકોમન (યાને બુરા વીચારવાલી શક્તિ) નો ઘણો પ્રછવ નાખવાથી સરવેથી ઉતરતી દીનની દાંનાઇનું (અન્તકરણમાં) લેઇજવું છે.
૧૩ અને આએ દરજજો દાંનાઇની સમજ શક્તિથી જોવાનો છે.

૧૪ વધારે બંધ કરેલી આંખે જોવું, એ દીલના વીચારની અંદર અકોમન (યાને બુરા વીચારવાલી ગેબી શક્તિ) જાલેમ હોવા છતાં, અન્તકરણની અંદર બેહુમન (યાને ભલા વીચારવાલી મીનોઇ શક્તિ) ની ઝાંખી દુરબલ રોશની રાખવાએ, તથા દીનની દાંનાઇની તંગી હોયાથી છે.
૧૫ અને આએ દરજજો ખોટતું ફરમાંન વીચારવા તથા આપવાના સબબ
૧૬ તરીકે છે. સઘલી બંધ કરેલી આંખે જોવું, એ દીલના વીચારની અંદર શખ્તી ઉપજાવતારા અકોમન (યાને બુરા વીચારવાલી શક્તિ) ને ઉતરવાએ તથા અન્તકરણની અંદરથી બેહુમન (યાને ભલા વીચારવાલી શક્તિ) ની ઝાંખી રોશની તદન જતી રેહવાએ દીનની દાંનાઇ તેને મુતલક નહી
૧૭ મલવાથી છે. અને આએ દરજજો શુસ્ત અક્કલ—બુરી ચાલચલણવાલી હુશીઆરી અને કમ બુધ્ધીને લગતો છે.

૧ (૧૫૪) ચાલવાની મારફતે જે વસ્તુ પાછી તેનાં મુલને મલનારી છે, અને તરીકાની મારફતે જે વસ્તુ પોતાનાં મુલથી મથાલાંને મલનારી છે, તે વીશે ભલી દીનને લગતો ખોલાસો.

૨ જાંણવું કે, ભલી દીનની અંદર જણાવેલુંછે કે, જે ચીજનું તેની ચાલની મારફતે પાછું તેનાં મુલને (યાને અસલ જગોને) મલવુંછે, તે
૩ વખત છે. અને જે ચીજથી તલીએથી મથાલે પોંહચવુંછે, તે દાંનાઇના
૪ તરીકાથી છે. આએ વખતને સારૂ એમ જણાવેલુંછે કે, તે તેનાં અસલ

* દદાંની—ખોલને લગતો ખોલાસો જુઓ 'દીનકર્દ' નાં પેહલાં દફતરને ૨૦ મે સર્ફ આપેલોછે તે.

મુલની કઉઆતને લગતાં કામથી (એટલેજે તેના માલેકની તરફથી તેને મલેલી ગતીથી) યોગીયતા (યાને સરખાપણું) ને મારેનો છે. એટલેજે બરોબર ચાલનારો છે. પેદાએશને પેદા કરનાર દાદારે તેનું પેહલ્લું કામ વખતને લગતાં કાંમથી શરૂ કીધું હતું. અને કામ કરનાર (દાદાર) ની તરફથી તેનાં કાંમનું સેવટ આવવું હદવાલા આસમાની ચાલના વખતના સંબંધથી છે. સેવટનો વખત આસમાની દોરની પુરી થાએલી હદના સંબંધથી છે. સઘલાઓને જાતે પાછું પાક થવું હદ વગરના વખતની અંદર (યાને રીસ્તાખેજના વખતમાં) છે. અને ખોદાએતાલાનો સંબંધ ધરાવનારાઓને તનપસીનને વખતે (આએ દુનીઆંથી) ગુજર કરવી નથી. વલી દસ્તુરોની તરફથી વખતને સારૂ કેહવામાં આવેલુંછે કે, વખત શરૂઆતથી વગર હદવાલો બનેલો હતો; પણ તયાર પછી તે હદવાલો બનેલોછે. અને તેની હદ પુરી થવાએ તેને પાછું વગર હદને લગતું કામ કરવુંછે. અને તેને લગતી સમજ એ છે કે, વખતને વગર હદથી પુરવાઇ રેહવું સેતારાઓની ચાલની હદ આવવાને લીધે છે. (સેતારાઓની) ચાલ પુરી થવા અને ચાલી રેહવા પછી પાછું તેને વગર હદનું સેવટ લાવવા સારૂ (પોતાનાં કામમાં) જોડાવુંછે. એને લગતી સમજને સારૂ એમ ખોલાસો કરેલોછે કે, પેદાનો કરનાર તેની અચરતી ઉપજાવનારી દાંનાઇથી વગર હદના વખતવાલો છે. અને તે માહ ગણેઆંણી સાહેબ પોતાની પાએદાર શક્તિને લીધે પોતે વખતની અંદર જાથુકનો છે. અને તેને લગતી સમજ મેલવવી એબ આપનારા (એહરેમન) ને તેની ખરાબ ઇચ્છા અને ખરાબ મતલબને લીધે નથી. તે (એહરેમન) પોતે તેની પસંદગીનું કામ કરનારા કોલ તોડનારાઓનો ઉપરી છે. તેથી જે તેની ઓલાદ વગરનાં (ઇનસાનો) તેની વધારે આરાધણા કરવાથી તેનો સંબંધ મેલવવા માંગેછે, તેનો તે સોબતી થાએછે. અને તેને પોતાની બંદગી કરનારો સમજીને તેની સાથે એકમલતો રહેછે. જે કોઇ કેટલીએક લાએક સમજવાલો છે, તે પેદાએશને પેદા કરનારા દાદારને ચહડતે દરજ્જેનો ગણનાર છે. (કારણકે) તે (દાદાર) ના ચહડતો દરજ્જો બેહદ રોશનીવાલાં (ગરોથમાન) ને પેહલ્લાં તેજ આપવાથી તથા તે બેહદ રોશની-વાલાં મકાનના સાચ્ચા મીનો યજદોને પ્રતાપી બનાવવાથી—અને તે બેહદ રોશનીવાલાં મકાનના સાચ્ચા યજદોના સંબંધવાલો હોવાથી—તથા સઘલી સમજ સાથની (દુનીઆની) વરધી કરનારી કઉઆતવાલી દાંનાઇથી—

અને (પોતાની) સઘલી શક્તિવાલી સમજથી સઘલું પોતાની મરજી મુજબનું કામ કરવા સારૂ તેની પેદાએશને પેદા કરનાર હોવાથી છે.* જે (કામ) થી તે સાહેબ એબ આપનારને ટાલનારો—પેદાએશને પાછી પોતાની કરનારો છે. અને અશો અહુરમજદ જે પેદાએશને હમેશાં સઘલી ખુશી સાથે એબના આપથી સુધરેલી રાખનારો છે, તે ભલાં મુલવાલી તાજી દોલતના કારણથી (યાને સવાબનાં ચાલુ કામથી) છે. ભલું મુલ એ સઘલા ભલાઇની કઉઅતવાલા ખવાસોનુંબી છે. અને તેથી ભલા લોકો હૂમેશાં તેજેવાલા રેહેછે. તે પેદાએશને પેદા કરનારની તરફથી (દરએક) વસ્તુને ખોરેહ બખશવી (યાને તેજદાર બનાવવી), જેટલી તેની સાથે તે વસ્તુ સંબંધ રાખનારી હોએછે તે મુજબ છે. જેમકે જગમગાથી બાંમદાદની રોશની છે. ઉજેડાંથી જગમગું છે. અને રોશનીવાલી વસ્તુથી ઉજેડું છે તેમ.

---

૧ (૧૫૮) આએ દુનીઆંમાં ધરમી વીચારથી રેહનારાં લડાઈના અસબાબવાલાં આદમીઓ વીશે, તથા તેને લગતા ફાએદા વીશે, ભલી દીનને લગતો ખોલાસો.

૨ જાંણવું કે, આએ દુનીઆંમાં ધરમી વીચારથી રેહનારાં (અને દરૂજની સામણેના) લડાઇના અસબાબવાલાં આદમીઓ ફતેહ મેલવનારાં—કઉઅતદાર અને (રૈયતના) સુખને જનમ આપનારાં છે. અને તેઓની તરફથી આએ દુનીઆંમાં શક્તિવાન આદમીની માફકનાં લાએક કામ કરવાંછે. અને તેનીથી દુનીઆંની આબાદીનાં મુલનું ૩ તથા તેને લગતી પેદાએશની પરવરસીનું ચાલુ રેહવુંછે. અને (તેઓને) અક્કલની કઉઅતથી છેલ્લા સુધારાને થકી દરૂજને હાંની પોંહચાડવા વીશેનો વીચાર નેગેહબાંની કરનારા યજદોથી મેલવવોછે. અને તેથી ગુનાહથી દુર રેહવાનો—સવાબને સારૂ કુશેશ કરવાનો અને તનનું સેવટ આવીઆ પછી રવાંનને છુટકારો તથા બુજોરગ દરજજો આપવાનો ૪ અને તેને નેક મકાનની અંદર રાખવાનો ફાએદો છે. વલી તે ધરમી વીચારથી આએ દુનીઆંમાં રેહનારૂં ફતેહના વીચારવાલું એક આદમી,

* વંદીદાદની ૨૨ મી પરગરદના અવસ્તામાં એને લગતું બયાંન આવેલું છે.

તથા બીજું અક્કલના અંદેશાવાલું અને દીનને સારૂ લડાઇ કરનારૂં આદમી, એ બેહુ તરેહની શક્તિવાલાં આએ દુનીઆંનાં આદમીઓ તેઓની કુશેશમાં એકસરખાં છે. (આદમીઓને) સારી ચાલચલણથી બંધે દુની- ૫ આંને લગતો પુરતો સુધારો અને ચહડતે દરજજેની ઇચ્છાનાં (સવાબનાં) કામ કરવાંએ (આવતી) મીનોઇ જેહાંનને લગતો ફાએદો છે.

(૫૧) આદમીએ આએ દુનીઆંને સારૂ અને (આવતી) મીનોઈ દુનીઆંને સારૂ (પોતાને) ચલાવવાની ચાલ વીશે, ભલી દીનને લગતો ખોલાસો. ૧

જાંણવું કે, આએ દુનીઆંને સારૂ (આદમીએ પોતાને) સારી રીતે ૨ ચલાવવું, (પોતાની) ઓલાદને લીધે (યાને આએ દુનીઆંમાં પોતાની ઓલાદનો સેલસેલો ચાલુ રાખવાએ) છે; અને (આવતી) મીનોઇ ૩ જેહાંનને સારૂ પોતાને સારી રીતે ચલાવવું, (પોતાનાં સારાં) કામે કરીછે. અને એથી આદમીનો મીનોઇ જેહાંનમાં (દોજખથી) છુટકારો છે. (આદમીએ આએ દુનીઆંમાં) દાંનાઇથી આત્માને સારૂ તે ચીજ મેલવ- વાની કુશેશ કરવી, કે જે વસ્તુ મેલવવાથી તે શક્તિવાંન થાએ, અને (યજદ અમેશાસ્પંદોની) મદદ મેલવી શકે. (આદમીની) આએ દુનીઆંની મતલબ યજદોની પખ્શમાં પોતાને રાખવાની, અને આએ દુનીઆંમાં યજદોને પોતાના ઉપરી તરીકે પસંદ કરવાનીછે. કારણકે દીનના પેશવાઓએ ભલી દીનને લગતાં લખાંણ ઉપરથી ફરમાવેલુંછે કે, રવાંનની આએપતને માટેની કુશેશ કરનારાં આદમીએ રવાંનની નબલાઇને દુર કરવા સારૂ આએ દુનીઆંની દોલત જેમ તેને (યાને રવાંનને) સારૂ વધારે ફાએદો ફ઼રનારી થાએ તેમ વાપરવી.

૧ (૪૭૦) **મોહટાઈ અને ગરીબીને લગતા ઓત્તમ અસબાબ વીશે, ભલી દીનને લગતો ખોલાસો.**

૨ જાંણવું કે, (માંણસનો) મોટાઇ અને ગરીબીને લગતો ઓત્તમ અસબાબ, (તેને) ઉંચ બનાવનારી અક્કલ છે. હમેશાં તરેહવાર રીતે જુદી જુદી નેકનાંમીવાલા લોકો હકુમતની અને દીનના દસ્તુરની તાબેદારી—અને ફરમાન બરદારી કરવાએ, અને પેલા અક્કલની સમજવાલા સરદાર (યાને પેગમબર) ના કેહવાને માનીને ખોદાની તાબેદારીમાં રેહવાએ બનેછે. બીજા સારા ગુણો ધરાવનારાઓની અંદર, અક્કલને લગતી મોટાઇવાલો સરદાર દીનની સમજ આપનારી એક (પેગમબર) ની જાત છે. કારણકે તે મોટી અક્કલવાલો પાદશાહ અને બીજો ધરમગુરૂ એ બેહુ તે બુજોરગ (પેગમબર) નો સંબંધ ધરાવનારા છે.

૧ (૪૭૧) **બુરાઈ અને ભલાઈ, તથા તેઓની આએ દુનીઆંની કઉીઅતને ચાલુ રાખવા વીશે, ભલી દીનને લગતો ખોલાસો.**

૨ જાંણવું કે, ભલાઇ એ નીતી છે. અને દાંનેશમંદ (આદમી) તેને લગતા વીચારોને સચાઇ—દરએક સારા ગુણવાલી રોશની—સારી સમજ—પાકી—તાજી હયાતી—સવાબની કઉઅત અને બીજા તેવાજ ૩ તરીકાથી મેલવનારૂંછે. બુરાઇ એ અનીતી છે, અને (આદમી) તેના વીચારવાલું બુરી બુદ્ધી—બેવચની—ખોટારૂ—દરએક અંધકાર ખવાસ—બદખોઇ—નજીસી—ઉલટી જીનદગી—પાપ—એબો—અને બીજી બુરાઇની ૪ બુનીઆદવાલાં અધરમીપણાંના સંબંધે કરીછે. જેમ સુરજની રોશની આએ દુનીઆંને જોવાની શક્તિ આપનાર છે, તેમ નીતીવાંન (માંણસ) ને લગતી ભલાઇ તેની આએ દુનીઆંની આંખને જોવાની ૫ શક્તિ આપનાર છે. અનીતીવાલાં (માણસ) ને લગતી બુરાઇ, તેની આએ દુનીઆંની આંખને સારૂ નેસ્તીવાલી શક્તિ છે—જેમ અંધારાંથી ૬ અનદીઠ થવુંછે તેમ. આએ દુનીઆંમાં બુરાઇનું ચાલુ રેહવું આએ દુનીઆંની આંખની શક્તિના એરાદાએ છે. સઘલાં દાદાર અહુરમજદની

તરફ ચલાવનારાં માણસો આત્માને લગતી ભલાઇ અને ખુબીને છોડી દીએછે તે આએ દુનીઆંની આંખની કઉઅતને લીધેછે. તે બુરાઇનો સંબંધ ધરાવનારાઓ બુરાઇને ચાલુ રાખવાના એરાદાના સબબથી (બુરાઇના) સંબંધવાલા છે. બુરાઇની અપવીતરાઇને તોડવી તેની સાથે યજદોની આંખવાલી ભલાઇની કઉઅતે કરી લડાઇ કરવાએછે. બુરાઇનાં ૭ મુલ ઘનામીનોને લાએકનું (માણસે) થવું, એ તેની સઘલી (યજદી) શક્તિનો નાસ કરવાએ છે. જે ધરમગુરૂઓ અનીતીવાલી બુરાઇની કઉઅતવાલા ૮ અને તેજ મુલને લગતી દરએક અનીતીના વીચારવાલાં અસલ કાંમો કરનારા છે, તેઓ જાંણીજોઇને નીતીનો રેવાજનો અટકાવ કરનારા છે. તેઓનો મજહબ યજદાંની તરફથી અપાએલો અને સપેનામીનોને લગતાં મુલના દરએક તરીકાના સંબંધવાલો કેહવાએ નહી, પણ અનીતીવાલા ઘનામીનોના દરએક તરીકાના સંબંધવાલા વીચારવાલો કેહવાએછે.

(૪૫૪) રોશન આંખવાલાં રવાંનને અન્ધકાર મુલથી ગુનાહ ૧ કરવો તથા તેનીથી પાપી બનવું કેમ છે? તે વીશે ભલી દીનને લગતો ખોલાસો.

જાંણવું કે, રવાંન પોતે તેની બદનના પોશાકવાલી જાતના સંબંધની ૨ અંદર દાંનાઇની કઉવત અને ઇચ્છાવાલું છે. આદમી યજદોની સાહેતાથી ખાલેસી અને વગર ગુનાહની હાલતમાં રેહનારૂં છે. અને તેની અંદર એબ આપનારને ભેલાવાથી (તેનું) બદન અને આત્મા અન્ધકાર ઉલટી જાતવાલાને લગતું છે. આત્માને તેની બદકાર દાંનાઇના સબબે તથા દીનની સમજ વગર પાપી બનવુંછે. અને ઘાતકી ઉલટા વીચારની ઇચ્છા તેને બદકાર બનાવનાર તથા દીનની નાવાકેફી તેના સવાબનો વીચારનો નાશ કરનાર છે. સુખને લગતા શોકને લીધે સવાબને લગતા વીચારથી તે આલસુ બનેછે. અને તે રોશન આંખવાલું રવાંન ગુનાહનાં કાંમથી જીનદગી ગુજારનારૂં થાએછે. અને તે ગુનાહની ગુજારેશ કરવાનો સબબ જે સવાબની બુલંદ દરજજેની હાલત છે તેનો તે અટકાવ કરેછે. બદન અને બદનથી તેની અંદરનું રવાંન દરૂજના ખોહવાલાં

વેરાંન દોજખની સખતીની અંદર પોતાને ઇજા પાંમતું રાખેછે. ભલી દીનમાં જણાવેલુંછે કે, સેવટે યજદોની ફતેહ થવાથી દરૂજની શક્તિનું ટુટવુંછે. અને દાદારની ઇચ્છા મુજબ ગુનાહની સજાથી પાક થાએલાઓને, ગેબી ધોવાંનથી પાક કરનારા યજદો દોજખમાંથી બાહેર કાહડશે. અને તે એબ આપનારની નજીસીથી પાક થાએલાઓને એકસરખી જાતના પોશાકવાલાં બનાવવા સારૂ તેઓને પાછાં હમેશની અમરગીવાલા પોશાકનું અને પુરતી ખુશીવાલી જીનતદાર કાયાનું બખ્શવુંછે.

૩ બદનની અંદરના આત્માની ઉલટી અક્કલે (માણસને) નોકસાંન થવુંછે. અને તેવો આત્મા એકસરખી (ઉલટી) અક્કલથી બદનને જીનદગીવાલું તથા સલામત રાખનાર છે એમ કેહવું ખોટું છે. આત્માને સારૂ પેહલ્લાં ગુનાહ હતો નહી, પણ દરૂજ (યાને અંગ્રમઇનીઉશ) ને લગતો ગુનાહ કરવાએ તથા કેહવાએ પાપી બનવાથી તે ગુનેહગાર કેહવાએલોછે. તે દરૂજના આત્માની મારફતે પાપી કામથી સજાને લાએક થાએલા આત્માને ચહડતે દરજજેની હયાતીને સારૂ પતેત (યાને ગુનાહનો

૪ પસ્તાવો) કરવાની જરૂરીઆતની ફરજ કહેલીછે. જે ગુનાહ (માણસે) પોતે કરેલો નહી હોએ તેનો પસ્તાવો કરવો વાજબી નથી. કારણકે પતેત (યાને ગુનાહના પસ્તાવા) ને આતશની માફકની મીશલ આપેલીછે, કે જયાં ખોરશેદ હોએછે ત્યાં કોઇબી અંધારી શક્તિવાલી જાત રેહતી નથી, તેમ (ગુનાહની પતેત કરવાથી) આત્મા દરૂજ વગરનો (યાને ગુનાહથી પાક) કેહવાએછે. વલી (એ વાતનો) બીજી રીતે ખોલાસો કરીઆમાં આવેછે કે જેમ હમોએ કહીઉં તેમ જયાં ખોરશેદ હોએછે ત્યાં અંધારૂં રેહતું નથી, તેમ પતેતના પસ્તાવાના આતશથી આપણ ગુનાહને પીગલાવી નાખીએ છઇએ. તેથી જો તે ગુનાહની પતેત તેણે નહી કરેલી હોએ તો તે જરૂર કરવી. કારણકે જો જુઠા ગુનેહગારે પતેત કીધી હોએ અને કથુ તે જુઠું બોલતો હોએ તોપણ તે જુઠું બોલનારા નજીસની તરફથી ગુનાહને લગતો પસ્તાવો સચ્ચાઇથી થવાએ તેને બુરી જાતથી ફરવા સારૂ વખાણવો. અને તે નજીસના આત્માને લગતા ઓત્તમ વીચારની દરએક જણે તારીફ કરવી. કારણકે જો કોઇ ગુનાહ કરે અને તે ગુનાહના ખવાસથી ફરે તો તે ચહડતે દરજજેનો કેહવાએ.

(૧૭૩) લાએક હકુમત વીશે ભલી દીનને લગતો ખોલાસો. ૧

જાંણવું કે, લાએક હકુમત રૈયતનો ઘણી સારી રીતે સંભાલ કરવાથી છે. રૈયતનો સંભાલ કરવાથી હાકમ ચહડતે દરજજેનો છે, અને તે (હાકમ) તેની તાબેદાર રૈયતને ચલાવનાર તરીકે છે. હકુમતની ઇચ્છા એ આત્માને મારેની ઇચ્છા છે. આત્માને મારેની ઇચ્છા આત્માની અક્કલને મારેની અને અહુરમજદના વીચારવાલી દીનને મારેની છે. ઘણી ચહડતે દરજજેની અક્કલથી અગમ બુદ્ધીવાલાઓની અક્કલની પીછાંણ કરવી છે. ૨ અને તેવો હાકમ મજદીઅસની દીનની અંદર નેંક-નામીવાલો હાકમ છે. ૩ દુનીઆમાં સરવેથી સરસ હાકમ તે છે કે જે હોરમજદની અક્કલવાલી ભલી દીનવાલા લોકોનો જે દસ્તુર છે તેને માનનારો છે. ૪ અહુરમજદની મીસાલનો તે હાકમ છે કે જેની ઇચ્છા લોકોના આત્માંને અમરગ કરવાની હોએછે. ૫ જે પોતાની ઇચ્છાનો પોતાની અક્કલની અંદર તોલ કરેછે. ૬ આએ પ્રમાણેના (પાદશાહ) ને દીનની અંદર ખલકના નેક હાકમ તરીકે ગણેલોછે, ૭ અને તેનાથી ઉતરતો જે દુનીઆનાં આદમીઓમાં અક્કલમંદ દસ્તુર છે તે છે. અહુરમજદની મીસાલનો હાકમ અમરગીની ઇચ્છાને પોતાની ઇચ્છાની અંદર રાખનારો, અને પોતાની ઇચ્છા મુજબ દુનીઆને ચલાવનારો છે. ૮

આએ (નીચે જણાવેલી) ચાલવાલા (હાકમ) ને દીનની અંદર બુરા હાકમનું નામ આપેલુંછે, ૯ તેથી ચહડતે દરજજેના લોકોમાં તે બુરા હાકમ તરીકે ગણાએછે. તેની રૈયતનો જે ધરમગુરૂ ઉલટી અક્કલવાલો અને પેલા (બુરા હાકમ) ને વધારે લોભી બનાવનારો છે, ૧૦ તેની એકમલતી ઇચ્છાના સંબંધથી, તથા લોકોને મુતલક અમરગીની ઇચ્છા નહી આપવાએ, તે (હાકમ) ઘણાજ ઉતરતા દરજજાનો છે. અને તે (બુરો હાકમ) દરૂજ (યાને એહરેમન) જે ભલી જીનદગી આપનારા દાદારની તરફ મુતલક સંબંધ વાલો નથી અને સંબંધ રાખનારો નથી, તેનો સંબંધની અંદર લામબી મુદ્દતવેર લોકોને ચલાવવાથી તેઓનો ઘટારો કરનારો છે. દુનીઆંનાં લોકોને ફ્રશકેરેતી (યાને છેલ્લા સુધારા) ની તરફ ચલાવવું, સારી અને ખુબીવન્તી હકુમતની મારફતે છે. તેમજ બુરી હકુમતની મારફતે કેવી રીતના સંબંધમાં એક હાકમને ચલાવવુંછે, તે

વાત ઓહાકની એક હજાર વરસની બુરી હકુમતની અંદર જણાએલીછે. (ઓહાક) બુરી હકુમતનો સબબ (યાને કરતા), તથા બુરી હકુમતના ઉપરી તરીકે વખણાએલો હતો. જેમ તેણે એક હજાર વરસવેર દુનીઆને બુરી હકુમતથી નેસ્તીની હકુમતમાં ચલાવી હતી, તેમ (કોઇબી રાજાએ) ખલકને ચલાવવી ઘટતી નથી.

૧ (૪૪૯) સારાં કાંમ, સારૂં સુખ, સારાં કાંમની અંદર ચહડતો દરજ્જો મેલવવો, ભલા ખવાસથી સારૂ સુખ— અને સુખનાં કાંમને લગતા અસબાબ વીશે ભલી દીનને લગતો ખોલાસો.

૨ જાંણવું કે, સારૂં કાંમ—બરાતરૂતને લગતી લોભી હીલચાલ વગરના ૩ પાક ઉદ્દીઓગથી છે. સારૂં સુખ—બરાતરૂતને લગતી ધીરજ વગરના, ૪ આલસાઇ વગરના પરહેજગારીવાલા સંતોષથી છે. સારાં કામની અંદર ચહડતો દરજ્જો મેલવવો—ભલા વીચારવાલી ફાએદાકારક ઇચ્છાથી છે. ૫ ભલા ખવાસનું સારૂં સુખ—લોભની જરૂર વગરના, લોભ વગરના અને ચીંતા વગરના, દુશમનીની હાજતથી સુધારેલા, હવસ વગરના અને ૬ લાએક સંતોષી ખવાસથી છે. કામને લગતો તથા સુખને લગતો અસબાબ—ઉદીયોગની અંદર બનતી કુશેશ કરવાએ તથા બદનની કઉઅતને ૭ લગતાં પ્રમાંણીક કાંમોથી થાએછે. ભલી દીનને લગતાં સુખનાં કાંમનો અસબાબ, દાહડા અને રાતના એક તરીજા ભાગ (જેટલા વખત સુધી) અમરગીને લગતી અક્કલ અશો લોકોથી મેલવવાએ (યાને દીન આગાહ દસ્તુ- ૮ રોથી ધરમની કેલવણી લેવાએ) છે; અને (દાહડા તથા રાતનો) એક તરીજો ભાગ તે (કેલવણી લીધેલી) અક્કલની મારફતે પસંદ કરેલું કામ ૯ કરવાથી છે, અને (દાહડા તથા રાતનો સેવટનો) તરીજો ભાગ, કામ કરવાને સારૂ બદનને લગતી કઉઅતને પાએદાર રાખવા, આસાએશ ૧૦ લેવાથી છે. જે સારી હકુમતવાલા (પાદશાહો) છે, તેઓ આએ ભલી દીનની સમજથી સુખને માટેની કાએદાસરની હકુમત કરનારા છે.

આએ છઠાં વાલમને છપાતાં થાએલી ભુલને લગતું ગુજરાતી શુદ્ધી પત્રક.

સફો.	લીટી.	અશુદ્ધ.	શુદ્ધ.
૩૨૭	(નોટ) ૧	યસ્ત....	યશ્ત
૩૩૧	૧	ચીજ ઉપરાંત....	ચીજથી જુદી
૩૩૨	૧૩	ઉવટા	ઉલટા
૩૩૨	૧૪	મેલવનારા નથી	મેલવનારાઓને
૩૩૪	૧૭	સાંભલવાનું	સંભલાવવાનું
૩૩૭	૨૫	તેથી....	ત્યાર પછી
૩૪૨	૧૩	ઉખેડી નાંખવા	પુરી નાંખવા
૩૪૮	૧૮	સુસ્તીથી..	ફાયદાથી
૩૫૧	૨	ભલાઓને સારૂ મોટો વિચાર રાખનારા હોએ કે ભલાઓ ખુશી રેહ	ભલાઓના ઉમદા વિચારોને માટે ભલાઓને ખુશી કરે
૩૫૧	૧૨	તેથી....	તેથી સંભાલ રાખેછે, અને તેવાજ સબબને લીધે
૩૫૨	૨૦	આદમી..	આદમીના
૩૫૨	૨૦	પેદા કરનારનું	પેદા કરનાર
૩૫૩	૨૩	દીનના વિચાર	દીનના વિચાર સાથનો તેઓનો સંબંધ
૩૫૫	૧૪	તે મજહબને	તે ખરા વખતે દરજજેના મજહબને
૩૬૦	૧૦	૧૧....	(એ આંકડો ૧૦ મી લીટી આગલ જોઇએ)
૩૬૨	૧૩	આદમીને	આદમીથી
૩૬૨	૧૪	આદમીને..	આદમીએ તેને
૩૬૨	૧૭	વીસીનો..	વિશેનો
૩૬૩	૧૩	કારણ ઉપરથી....	કારણને
૩૬૩	૧૩	આગમચનાં સબબને	આગમજથી
૩૬૬	૨૩	કરનાર..	કરાવનાર
૩૬૯	૨૩	છે	(પાસે ઉમેરો) તેઓનાં ત્રણ નામ છે
૩૭૧	૧૩	તનદરૂસ્તીનો	તનદરૂસ્તી
૩૭૯	૧૬	એને....	દાનાઇને

THE ENGLISH TRANSLATION

FROM THE PAHLAVI

IS BY

DARAB DASTUR PESHOTAN SANJANA, B.A.,

FELLOW OF THE BOMBAY UNIVERSITY, JUSTICE OF THE PEACE, LATE
SIR JAMSETJEE JEEJEEBHAI FELLOW (AVESTA AND PAHLAVI,)
TEACHER OF THE M. A. CLASS, SIR JAMSETJEE ZARTOSTI
MADRESSA, BOMBAY,—AUTHOR OF THE 'CIVILIZATION
OF THE EASTERN IRANIANS', AND 'NEXT-OF-KIN
MARRIAGES IN OLD IRAN', ETC., ETC.,

CONTENTS.

(۲۱۸) **Exposition in the good religion regarding spiritual powers in man, which through the agency of yazads perform actions on the side of the Deity.*** 1

Be it known from the exposition in the good religion, that in the person of man there are spiritual powers which perform actions (preparatory) for the righteous equipment pertaining to (*i. e.* deserving a pious retribution from) the Creator of the Universe.—The principal ones are the following four: (viz.) the soul, [and] the vital spirit, [and] the *fravâhar*, and the intellect. The *rôbân* is the soul, which is the ruler over the body. Just as the head of a family conducts the household, and the rider the horse, so does the soul conduct the body. And the vital spirit, [and] the intellect, [and] the *fravâhar*, or each of these spiritual agencies amongst whom the soul is a powerful agent, acts as a spiritual intelligencer unto it (*i. e.* the soul).—The vital spirit is the breath of life, which is paramount owing to the *fravâhar*. Just as a paterfamilias preserves the health (of his family) by means of food, and the rider keeps the horse working, so does this quickening (*fravâhar*) keep through energy the (living) body active. So when this (quickening power) is separated from the body, the body dies, just as when the (main) pillar of a house breaks down and the house instantly falls. Again, the *fravâhar* keeps active and cherishes the body, just as the master of a house keeps the house replenished and thriving, and the rider nourishes the horse. Thus, when 2 3 4 5 6

* [This heading might also be rendered:—'Exposition in the good religion regarding spiritual powers in man, their efficacy and their functions'.—*Eng. tr.*]

this *fravâhar* has been separated from the body, the body is past-strength, and remains inactive like a house that becomes desolate when it is abandoned and left without repair.

7 —Again, as the sun is the light of the world, and a lamp is (the light) of a house, so does the intellect animate with watchful light the lord of the house (*i.e.* the soul) in the house (*viz.* the body), and so does it animate the rider on the horse, as also it directs the master of the house to take care of the house, and the rider of the horse. So when this (intellect) is separated from the body, the soul is distressed in the body, and the body during life remains insensible.

8 While the soul, which with the *fravâhar*, [and] the intellect, and the vital power used to recruit the body in its functions, now departs from it; consequently the body is without the means of performing its functions, and of fighting against and repelling the *druj*, like a (cavalry) rider who is without his saddle and weapons for striking and overpowering his enemies.

9 —Just as the soul and its assistant (spiritual) powers are enemies and destroyers of the *druj* (who is) for the destruction of creation, so have avarice, [and] lust, [and] wrath, [and] spite, [and] stubbornness and envy permeated into the body as enemies of the soul. The struggle and conflict between the body and the soul, are owing to the former not having seen to preserve itself from the battle wherein, by the agency of destructive *druj* and through perverse antagonism, people corrupt good creatures, and render them in-operative.

10 —The soul is the lord of this life, and the chieftain of the battle (between good and evil). When the Ameshaspands are its assistants, by means of the *fravâhar*, [and] the intellect and the vital power, the spiritual agents of the body, it

i. e. the soul) inclines to fight against the *druj*, and like a heroic person or a valiant man it is the repeller of the *druj* among (good) creatures by means of its own prowess, and the extricator of the *druj* from the body. To extricate the *druj* from the world is to strike, to overpower and to render incapable the Angrô-Mainyu. The pious man is himself capable of being relieved from the *druj*.—Again, when a king through fear for himself is not deceived by the enemy (Evil,) owing to supernatural splendour and lustre (*i. e.* divine inspiration), he (at last) attains to the Origin (*i. e.* God) bravely and successfully on account of his own good actions; and by the order of the Lord who hath sent him to battle (against evil) he is to earn a diadem of victory and be seated on a throne of full repose and everlasting bliss. And whosoever (king) being deceived by the enemy, and being prone to idleness and evil repose, and listless in the battle (against evil), and without any inclination to the Ameshaspands (*i. e.* to an immortal existence), is much disposed towards the *druj*; and (hence) he turns an incarnate *druj* and vicious, and the *druj* overreaches him; and he mingles lonesome with devils; and he is dragged with hands shackled to the seat of the *druj* (the *Angrô-Mainyu*); and he will so be tortured, and so remain in the prison of the *drujas*, to the time of the Resurrection.—It is manifest in the good religion that he is marked with good repute, whose righteousness is pure (unsullied) in this world; but he from whom destructive wickedness proceeds in this world, is stamped with evil repute, and gets a place appropriate to his sinful acts.

11

1 (۲۱۹) **Exposition in the good religion regarding (the fact) that man is brought into relation with the Creator by means of the Stud-Yasht***

2 Be it known that, the man that is most virtuous, is brought into relation with the Creator by means of the *Stûd-Yasht*, by knowing himself by means of the knowledge of the good religion, and by the love chiefly of his own soul; because there is no (virtuous) life from disregarding the relationship (with the Deity), nor there is love for himself; and by not loving himself he does injury to himself, and by (the man) injuring himself the Almighty is displeased, and by the displeasure of the Almighty the relationship of God in him ceases, and by the cessation of the relationship with God he destroys the protection which the Deity exercises over him, and by the destruction of such protection by the Deity he is liable to cast himself into the abode of darkness and misery pertaining to the *druj*.—3 Again the knowledge of oneself is (attainable) from the knowledge of the good religion, and by knowing self there is love (for self), and by loving self there is no injury to self, and by not injurying self there is no displeasure to the Almighty, and by gratifying God one attains to close relationship with God, and by the close relationship with God there is protection (exercised) by God, and by the protection of God man attains to both kinds of excellence, of this world and of that world.

* *Stûd-Yasht*=*av.* Staota-Yasna or Staota-Yasht, is the name of the 21st Nask, corresponding to the *av.* Vâstârem. It literally implies prayers fit to glorify the Holy Creator.

(۲۲۰) Exposition in the good religion regarding that (object) which through its guiding (power) is beneficial to man himself, and that which is injurious; and (regarding) the beneficial or mischievous doer and exerter, and its beneficial or mischievous guidance (in the person of man). 1

